

P.07
કાર્તિકની રોમેન્ટિક ફિલ્મમાં તૃપ્તિ ડિમરીને સ્થાને શ્રીલીલા

# લોક પત્રિકા

ગુજરાતનું વિશ્વસનીય દૈનિક

P.07
ગૌહર ખાને મુંબઈમાં ૧૦.૧૩ કરોડના ત્રણ ફ્લેટની ખરીદી કરી



www.lokpatrika.in | LOK PATRIKA | RNI No : GUJGUJ/2022/83673

તંત્રી : અવેશ માલવિયા I સ્થાપના ૨૦૧૦ I વર્ષ : ૦૩ અંક : ૧૮૪ I વિક્રમ સંવત ૨૦૮૧ : મહા વદ ૦૨ I પાના - ૦૮ I કિંમત : ૪ I અમદાવાદ (ગુજરાત)

Editor : Avesh K Malaviya • Year : 03 • Issue : 184 • Dt.14-02-2025 Friday • Page 08 • Price : Rs. 4 • Office : G-1301, Sardar Patel Nagar, Shastrinagar Char Rasta, Near Anmol Tower, Naranpura, Ahmeddabad-380013 • E-mail : lokpatrikanews1@gmail.com • Mob. 98252 52125


સુનિતા વિલિયમ્સ જલદી જ પૃથ્વી પર પાછી ફરશે! નાસાએ આપી ગુડ ન્યૂઝ



07

14
FEBRUARY- 2025
FRIDAY



07

૮૨% અમેરિકનના મતે ભારતીયો 'મતલબી', ફક્ત આર્થિક તકોનો લાભ લે છે





The Demand for Cyber Security Professionals at All-Time high across the world.
Learn from the Most Experienced Trainer and One of India's Top Ethical Hackers and Cyber Security Expert Mr. FALGUN RATHOD
www.cyberoctet.com
Cyber Octet™
Learn more than 110 Topics | Task and Research based Training | 100% Placement Assistance
+91 74053 21234


**અદાણી સિમેન્ટ દ્વારા I ક્લિંકર અને સિમેન્ટનું ઉત્પાદન વધારશે, અદાણી ગ્રુપની સીએસઆર શાખા અદાણી ફાઉન્ડેશન દ્વારા સેવા કામો**

# કચ્છમાં ૭૦૦૦ કરોડના ખર્ચે થશે ઔદ્યોગિક વિસ્તરણ

I કચ્છ, તા.૧૩ I

અદાણી સિમેન્ટ દ્વારા અબડાસા તાલુકામાં ૭૦૦૦ કરોડના ખર્ચે થશે ઔધ્યોગિક વિસ્તરણઅદાણી ગ્રૃપ આજે વૈશ્વિક ક્ષેત્રે અગ્રેસર બની રહ્યુ છે. તેના પાયામાં કચ્છનું ખુબ મોટું યોગદાન છે. પરિણામે દરેક ક્ષેત્રમાં કચ્છ ઔધોગિક ક્ષેત્રે આગળ વધે એ માટે આ ગ્રૂપ કોઈ કસર છોડવા માંગતુ નથી. એક પછી એક તબક્કાવાર સુખાકારી અને રોજગારીની દિશામાં કચ્છનું જનજીવન ધબકતું થાય એ માટે આ ગ્રૂપ વધુ એક પ્રોજેકટનું વિસ્તરણ કચ્છના આંગણે કરવા જઈ રહ્યું છે.અદાણી ગૃપ આજે વૈશ્વિક ક્ષેત્રે અગ્રેસર બની રહ્યુ છે. તેના પાયામાં કચ્છનું ખુબ મોટું યોગદાન છે. પરિણામે દરેક ક્ષેત્રમાં કચ્છ ઔધોગિક ક્ષેત્રે આગળ વધે એ માટે આ ગ્રૂપ કોઈ કસર છોડવા માંગતુ નથી. એક પછી એક તબક્કાવાર સુખાકારી અને રોજગારીની દિશામાં કચ્છનું જનજીવન ધબકતું થાય એ માટે આ ગ્રૂપ વધુ એક પ્રોજેકટનું વિસ્તરણ કચ્છના આંગણે કરવા જઈ રહ્યું છે. સાંઘી સિમેન્ટ નવા પ્રોજેક્ટ અંતર્ગત ૭૦૦૦ કરોડના ઈન્વેસ્ટમેન્ટ સાથે આ પ્રોજેક્ટ સાંઘીપુરમ ખાતે કચ્છ જિલ્લાના અબડાસા તાલુકાના મોટી બેર અને હોથીઆય ગામે ક્લિંકર અને સિમેન્ટનું ઉત્પાદન વધારશે. પ્રોજેક્ટના કારણે પ્રત્યક્ષ કે પરોક્ષ રોજગારીનું સર્જન વ્યાપક પ્રમાણમાં થશે. બાંધકામ ના તબક્કા દરમિયાન, પ્રસ્તાવિત વિસ્તરણ પ્રોજેક્ટ માટે આશરે ૪૦૦૦-૫૦૦૦ લોકોને રોજગારી મળી રહેશે. કચ્છમાં પાણીના ટીપેટીપાનો સદુપયોગ કરવા અદાણી ગ્રૂપ આમેય દીર્ઘદ્રષ્ટિ અમલમાં મૂકી છે. ત્યારે આ કંપની તેમાં પોતાનું યોગદાન આપવા કટિબધ્ધ છે. એ મુજબ એકંદરે પાણીની માંગ ઘટાડવા વપરાશ કરેલ પાણીને રિસાયકલિંગ કરી પુનઃ ઉપયોગની પ્રક્રિયા હાથ ધરશે.

## કચ્છમાં પાણીના ટીપેટીપાનો સદુપયોગ કરવા અદાણી ગ્રૂપ આમેય દીર્ઘદ્રષ્ટિ અમલમાં મૂકી



અદાણી સિમેન્ટે કોર્પોરેટ સામાજિક જવાબદારી પહેલના ભાગરૂપે દૂરના વિસ્તારોમાં રહેતા લોકો માટે શિક્ષણ, આરોગ્ય, પર્યાવરણ, ઈન્ફ્રાસ્ટ્રક્ચર, સ્માર્ટ ક્લાસ, એજ્યુકેશન કીટ વિતરણ, અદાણી હેલ્થ કેર સેન્ટર, આસપાસના ગામોમાં સામુહિક આરોગ્ય શિબિર, પશુપાલન જળ સંચય યોજના હેઠળ તળાવ ઊંડા કરવા જેવા કામો કર્યા છે. અદાણી ગ્રુપની સીએસઆર શાખા અદાણી ફાઉન્ડેશન આ કામો કરી રહ્યુ છે.સાંઘી ઇન્ડસ્ટ્રીઝ લિમિટેડ દ્વારા પ્લાન્ટનું વિસ્તરણ થવાથી અનેક ફાયદા મળી રહેશે જેમકે અહી ના ઉત્પાદનથી દેશનું અર્થતંત્ર તો વેગવંતુ બનશે જ સાથે સાથે જન સમુદાયના અનેક વર્ગો માટે રોજગાર ઉપલબ્ધ થશે તથા તેમની જીવનદીશા બદલનાર અને સામાજિક નવચેતનાની દિશામાં આ પ્રોજેક્ટ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે. જેનાથી ગંદા પાણી દ્વારા ઉત્પન્ન થતી સમસ્યા નેસ્તનાબૂદ થશે. ટ્રીટમેંટ કરેલા સીવેજના પાણીનો બાગકામમાં ઉપયોગ કરવામાં આવશે. શુદ્ધ પાણીનો વપરાશ ઘટાડવા માટે ટ્રીટેડ વેસ્ટ વોટરને રિસાઈકલ કરવા જેવા પગલાં લેવામાં આવશે.. કચ્છમાં પાણીના ટીપેટીપાનો સદુપયોગ કરવા અદાણી ગ્રૂપ આમેય દીર્ઘદ્રષ્ટિ અમલમાં મૂકી છે. ત્યારે આ કંપની તેમાં પોતાનું યોગદાન આપવા કટિબધ્ધ છે. એ મુજબ એકંદરે પાણીની માંગ ઘટાડવા વપરાશ કરેલ પાણીને રિસાયકલિંગ કરી પુન: ઉપયોગની પ્રક્રિયા હાથ ધરશે. અદાણી સિમેન્ટ દ્વારા અબડાસા તાલુકામાં ૭૦૦૦ કરોડના ખર્ચે થશે ઔદ્યોગિક વિસ્તરણઅદાણી ગૃપ આજે વૈશ્વિક ક્ષેત્રે અગ્રેસર બની રહ્યુ છે. તેના પાયામાં કચ્છનું ખુબ મોટું યોગદાન છે.

**આરોગ્ય વિભાગની ૨ ટીમે તપાસ હાથ ધરી**

## ગાંધીનગરના એક હોસ્ટેલના ૨૦ જેટલા વિદ્યાર્થીઓને ફૂડ પોઇઝનિંગ



**૨ દિવસ પહેલા ચાઈનીઝ ફૂડ ખાધા બાદ તબિયત બગડી હતી I પેટમાં દુખાવો થતા વિદ્યાર્થીઓએ દવા લીધી હતી**

I ગાંધીનગર, તા.૧૩ I

દર્શ હોસ્ટેલના ૨૦ જેટલા વિદ્યાર્થીઓને ફૂડ પોઈઝનિંગ, આરોગ્ય વિભાગની ૨ ટીમે તપાસ હાથ ધરી,ગાંધીનગરમાં હોસ્ટેલના વિદ્યાર્થીઓને ફૂડ પોઈઝનિંગ થયું હોવાનું ઘટના સામે આવી છે. દર્શ હોસ્ટેલના ૨૦ જેટલા વિદ્યાર્થીઓને ફૂડ પોઈઝનિંગની અસર જોવા મળી છે.૨ દિવસ પહેલા ચાઈનીઝ ફૂડ ખાધા બાદ તબિયત બગડી હતી. પેટમાં દુખાવો થતા વિદ્યાર્થીઓએ દવા લીધી હતી. દવા લીધા બાદ વિદ્યાર્થીઓને ઝાડા-ઉલટી શરુ થયા હતા. આરોગ્ય વિભાગની બે ટીમે ઘટનાસ્થળે પહોંચી તપાસ હાથ ધરી છે.બીજી તરફ આ અગાઉ તાપીના સોનગઢના સાંઢકુવા ગામે ૨૪થી વધુ બાળકોને ફૂડ પોઈઝનિંગની અસર થઈ હતી. રતનજ્યોતના બીજ ખાધા બાદ લથડી બાળકોની તબિયત ખરાબ થઈ હતી. એકાએક બાળકોને ઊલટી થતાં શાળા તંત્રમાં દોડધામ થઈ ગઈ હતી. જિલ્લા પંચાયત હસ્તકની સાંઢકુવા પ્રાથમિક શાળાના બાળકોને અસર થઈ હતી. તમામ બાળકોને વ્યારાની સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતા.તાપીમાં ૨૪થી વધુ બાળકોમાં થયુ હતું ફૂડ પોઈઝનિંગદર્શ હોસ્ટેલના ૨૦ જેટલા વિદ્યાર્થીઓને ફૂડ પોઈઝનિંગ, આરોગ્ય વિભાગની ૨ ટીમે તપાસ હાથ ધરી,ગાંધીનગરમાં હોસ્ટેલના વિદ્યાર્થીઓને ફૂડ પોઈઝનિંગ થયું હોવાનું ઘટના સામે આવી છે. દર્શ હોસ્ટેલના ૨૦ જેટલા વિદ્યાર્થીઓને ફૂડ પોઈઝનિંગની અસર જોવા મળી છે.૨ દિવસ પહેલા ચાઈનીઝ ફૂડ ખાધા બાદ તબિયત બગડી હતી. પેટમાં દુખાવો થતા વિદ્યાર્થીઓએ દવા લીધી હતી. દવા લીધા બાદ વિદ્યાર્થીઓને ઝાડા-ઉલટી શરુ થયા હતા. આરોગ્ય વિભાગની બે ટીમે ઘટનાસ્થળે પહોંચી તપાસ હાથ ધરી છે.બીજી તરફ આ અગાઉ તાપીના સોનગઢના સાંઢકુવા ગામે ૨૪થી વધુ બાળકોને ફૂડ પોઈઝનિંગની અસર થઈ હતી. રતનજ્યોતના બીજ ખાધા બાદ લથડી બાળકોની તબિયત ખરાબ થઈ હતી. એકાએક બાળકોને ઊલટી થતાં શાળા તંત્રમાં દોડધામ થઈ ગઈ હતી. જિલ્લા પંચાયત હસ્તકની સાંઢકુવા પ્રાથમિક શાળાના બાળકોને અસર થઈ હતી. તમામ બાળકોને વ્યારાની સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતા. દર્શ હોસ્ટેલના ૨૦ જેટલા વિદ્યાર્થીઓને ફૂડ પોઈઝનિંગ, આરોગ્ય વિભાગની ૨ ટીમે તપાસ હાથ ધરી છે.

**વિદ્યાર્થીઓના હિતમાં નિર્ણય લેવા આશ્વાસન**

**લગભગ ૨ થી ૩ કલાક આ બેઠક ચાલી હતી, આરોગ્ય વિભાગના ઉચ્ચ અધિકારીઓમાં તૃપ્તિ દેસાઈ અને આરોગ્ય કમિશનર હર્ષદ પટેલ આ બેઠકમાં હાજર રહ્યાં હતાં**

## અમદાવાદ નર્સિંગની પરીક્ષામાં છબરડાને લઈને આરોગ્ય મંત્રીએ બોલાવી બેઠક

I અમદાવાદ,તા.૧૩ I



નર્સિંગની પરીક્ષામાં છબરડાને લઈને આરોગ્ય મંત્રીએ બોલાવી બેઠક, વિદ્યાર્થીઓના હિતમાં નિર્ણય લેવા આશ્વાસનગુજરાતમાં છાશવારે પરીક્ષાના પેપર ફૂટવાથી લઈને પરીક્ષામાં થતાં ગોટાળાને લઈને પ્રશ્ન થતાં રહે છે. ત્યારે હવે ફરીથી નર્સિંગની પરીક્ષામાં પણ ગોટાળો સામે આવ્યો છે, જેને લઈને રાજ્યભરમાં વિવાદ થઈ રહ્યો છે. નર્સિંગ પરીક્ષાની આન્સર કીમાં એબીસીડી પ્રમાણે જવાબ ગોઠવાયા હતાં. લોકોનો આરોપ છે કે, ચોક્કસ લોકોને ફાયદો પહોંચાડવા માટે આ પ્રકારનો પ્રયાસ કરવામાં આવ્યો છે. પરિણામે ગુજરાત ટેક્નિકલ યુનિર્સિટી અને રાજ્ય આરોગ્ય વિભાગ શંકાના ઘેરામાં મૂકાયું છે. આ દરમિયાન જીટીયુએ આ સમગ્ર મામલે રાજ્ય આરોગ્ય વિભાગને એક રિપોર્ટ સુપરત કર્યો છે. આ મુદ્દે ગુરૂવારે (૧૩ ફેબ્રુઆરી) આરોગ્ય મંત્રીની અધ્યક્ષતામાં બેઠક કરવામાં આવી હતી. જેમાં વિદ્યાર્થીઓના હિતમાં નિર્ણય લેવાની વાત કરવામાં આવી છે. નર્સિંગ પરીક્ષામાં છબરડાને લઈને આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલની અધ્યક્ષતામાં બેઠક બોલાવવામાં આવી હતી.

**મહાઅભિયાનમાં અમદાવાદની કે.ડી હોસ્પિટલ દ્વારા સહયોગ આપવામા આવ્યો હતો**

## અમદાવાદમાં રમાયેલી મેચમાં સર્જાયો અનોખો ઇતિહાસ I એક જ દિવસમાં ૩૦ હજારથી વધુ લોકોએ લીધા અંગદાનના શપથ

**ઓર્ગન ટ્રાન્સપ્લાન્ટેશન અને હેલ્થકેરમાં અગ્રણી એવી કે.ડી હોસ્પિટલ દ્વારા પણ અંગદાનની જાગૃતિને લઈને પ્રયાસો કરવામા આવે છે ત્યારે બીસીસઆઈ અને આઈસીસીના આ મહા અભિયાન હોસ્પિટલે પુરો સપોર્ટ કર્યો હતો**

I અમદાવાદ,તા.૧૩ I




ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચે આજે અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં ત્રીજી વન-ડે મેચ રમાઈ હતી અને જ્યાં અંગદાન અભિયાન અંતર્ગત લોકોએ અંગદાન કરવાના શપથ લીધા હતા ત્યારે આ મહાઅભિયાનમાં અમદાવાદની કે.ડી હોસ્પિટલ દ્વારા સહયોગ આપવામા આવ્યો હતો.મેચમાં ઉપસ્થિત લોકોને અંગદાન માટે જાગ્રત કરાયા હતાબીસીસીઆઈ અને આઈસીસી દ્વારા શરૂ કરાયેલા અંગદાન જાગૃતિના અભિયાનને અમદાવાદની કે.ડી હોસ્પિટલ દ્વારા પૂર્ણ રીતે સહયોગ કરવામા આવ્યો હતો અને આ અભિયાન અંતર્ગત આજે ભારત-ઈંગ્લેન્ડની મેચમાં ઉપસ્થિત લોકોએ અંગદાન કરવાના શપથ લીધા હતા.આ અભિયાનને ખૂબ જ સારો પ્રતિસાદ મળ્યો છે અને એક જ દિવસમાં ૩૦ હજારથી વધુ લોકોએ અંગદાન કરવાના શપથ લીધા હતા.

જ્યારે ઓર્ગન ટ્રાન્સપ્લાન્ટેશન અને હેલ્થકેરમાં અગ્રણી એવી કે.ડી હોસ્પિટલ દ્વારા પણ અંગદાનની જાગૃતિને લઈને પ્રયાસો કરવામા આવે છે ત્યારે બીસીસઆઈ અને આઈસીસીના આ મહા અભિયાન હોસ્પિટલે પુરો સપોર્ટ કર્યો હતો.જ્યારે આજે એક જ દિવસે ૩૦ હજારથી વધુ લોકોએ અંગદાનના શપથ લેતા આ ઐતિહાસિક રેકોર્ડ પણ સર્જાયો હતો.

**શું એરલાઇન્સના સ્ટાફની જ સંડોવણી? | ટર્મિનલ નંબર બે પરથી પેસેન્જરોને ઓફલોડ કર્યા બાદ સિક્યોરીટી ચેકિંગના સ્ટાફ દ્વારા ફ્લાઇટમાં તપાસમાં કરવામાં આવી રહી હતી**

## અમદાવાદ એરપોર્ટને ઉડાવી દેવાની ધમકી મામલે મોટો ઘટસ્ફોટ!

I અમદાવાદ,તા.૧૩ I




અમદાવાદના સરદાર વલ્લભભાઈ પટેલ ઈન્ટરનેશનલ એરપોર્ટ પર જિદાહથી આવેલી ઈન્ડિગો એરલાઈનની ફ્લાઈટમાં બોમ્બ હોવાની એક ચિઠ્ઠી મળી આવી હતી. ત્યારે આ ઘટનાની તપાસ કરી રહેલી ક્રાઈમબ્રાંચને મહત્ત્વની સફળતા મળી છે. જેમાં આ કેસ પહેલા અગાઉ પણ ઈન્ડિગોની ફ્લાઈટમાં બોમ્બ હોવાની ધમકી આપતી ચિઠ્ઠી મળી આવી હતી. આ બંને ચિઠ્ઠીનું લખાણ સરખા હતા અને એક જ વ્યક્તિ દ્વારા જ લખાયેલા હતા. જેના આધારે એક શંકમદ કર્મચારીની અટકાયત કરીને ક્રાઈમબ્રાંચે વધુ પૂછપરછ કરી છે. ચિઠ્ઠીમાં લખ્યું હતું-'બોમ્બ ઈસ હીયર'અમદાવાદના આતરરાષ્ટ્રીય એરપોર્ટ પર સોમવારે (૧૦મી ફેબ્રુઆરી) સવાર સાડા નવ વાગે જિદાહથી ઈન્ડિગો એરલાઈનની ફ્લાઈટ આવી હતી. ટર્મિનલ નંબર બે પરથી પેસેન્જરોને ઓફલોડ કર્યા બાદ સિક્યોરીટી ચેકિંગના સ્ટાફ દ્વારા ફ્લાઈટમાં તપાસમાં કરવામાં આવી રહી હતી. ત્યારે એક ચિઠ્ઠી મળી આવી હતી. જેમાં લખ્યું હતું કે, 'બોમ્બ ઈસ હીયર.' આ ધમકી વાળી ચિઠ્ઠી મળતા બોમ્બ ડીસ્પોઝલ સ્ક્વોડ અને ડોગ સ્ક્વોડ દ્વારા તપાસ કરવામાં આવતા કોઈ વાંધાજનક ચીજવસ્તુ મળી આવી નહોતી. આ અંગે એરપોર્ટ પોલીસ મથકે ગુનો નોંધીને સમગ્ર કેસની તપાસ ક્રાઈમબ્રાંચ દ્વારા તપાસ શરૂ કરવામાં આવી હતી.અમદાવાદના સરદાર વલ્લભભાઈ પટેલ ઈન્ટરનેશનલ એરપોર્ટ પર જિદાહથી આવેલી ઈન્ડિગો એરલાઈનની ફ્લાઈટમાં બોમ્બ હોવાની એક ચિઠ્ઠી મળી આવી હતી. ત્યારે આ ઘટનાની તપાસ કરી રહેલી ક્રાઈમબ્રાંચને મહત્ત્વની સફળતા મળી છે. જેમાં આ કેસ પહેલા અગાઉ પણ ઈન્ડિગોની ફ્લાઈટમાં બોમ્બ હોવાની ધમકી આપતી ચિઠ્ઠી મળી આવી હતી. આ બંને ચિઠ્ઠીનું લખાણ સરખા હતા અને એક જ વ્યક્તિ દ્વારા જ લખાયેલા હતા. જેના આધારે એક શંકમદ કર્મચારીની અટકાયત કરીને ક્રાઈમબ્રાંચે વધુ પૂછપરછ કરી છે. ચિઠ્ઠીમાં લખ્યું હતું-'બોમ્બ ઈસ હીયર'અમદાવાદના આતરરાષ્ટ્રીય એરપોર્ટ પર સોમવારે (૧૦મી ફેબ્રુઆરી) સવાર સાડા નવ વાગે જિદાહથી ઈન્ડિગો એરલાઈનની ફ્લાઈટ આવી હતી. ટર્મિનલ નંબર બે પરથી પેસેન્જરોને ઓફલોડ કર્યા બાદ સિક્યોરીટી ચેકિંગના સ્ટાફ દ્વારા ફ્લાઈટમાં તપાસમાં કરવામાં આવી રહી હતી. ત્યારે એક ચિઠ્ઠી મળી આવી હતી. જેમાં લખ્યું હતું કે, 'બોમ્બ ઈસ હીયર.' આ ધમકી વાળી ચિઠ્ઠી મળતા બોમ્બ ડીસ્પોઝલ સ્ક્વોડ અને ડોગ સ્ક્વોડ દ્વારા તપાસ કરવામાં આવતા કોઈ વાંધાજનક ચીજવસ્તુ મળી આવી નહોતી.

**ગુજરાતમાં અવારનવાર આગ લાગવાની ઘટના**

## ભરૂચની ટાઈમાઉઝર નામની કંપનીમાં લાગી ભીષણ આગ, પ્લાન્ટ બળીને ખાખ

**જંબુસર નજીક ટાઇમાઉઝર કંપનીમાં ભીષણ આગ લાગતા અફરાતફરીનો માહોલ સર્જાયો**

I ભરૂચ ,તા.૧૩ I

ટાઈમાઉઝર નામની કંપનીમાં લાગી ભીષણ આગ, પ્લાન્ટ બળીને ખાખ,ગુજરાતમાં અવારનવાર આગ લાગવાની ઘટના બનતી હોય છે. ત્યારે ફરી એક વાર ભરુચમાં ટાઈમાઉઝર નામની કંપનીમાં આગ લાગી હતી. જંબુસર નજીક ટાઈમાઉઝર કંપનીમાં ભીષણ આગ લાગતા અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. જેના પગલે તાત્કાલિક ધોરણે સ્થાનિકો દ્વારા ફાયર વિભાગને જાણ કરવામાં આવી હતી.ફાયર વિભાગે કલાકોની જહેમત બાદ આગ પર કાબૂ મેળવ્યો છે. જો કે સદનસીબે ઘટનામાં કોઈ જાનહાનિ થઈ ન હતી. પરંતુ પ્લાન્ટ પર રહેલો સામાન બળીને ખાખ થઈ ગયો હતો.પ્લાન્ટ બળીને ખાખ !વહેલી સવારે જંબુસર નજીક પ્લાસ્ટિકના બેરલ બનાવતી ટાઈમાઉઝર કંપનીમાં ભીષણ આગ લાગી હતી.જેના થોડીક જ વારમાં આગે વિકરાળ સ્વરૂપ ધારણ કરતા અન્ય કંપનીમાં પણ આગ પ્રસરી હતી. સ્થાનિકોએ તાત્કાલિક ધોરણે ફાયર વિભાગને જાણ કરી હતી. જેથી ટીમે સ્થળે આવીને આગ ઓલવવાના પ્રયાસો હાથ ધર્યા હતા. જોકે ઘટનામાં કોઈ જાનહાની નથી પણ કંપનીમાં મોટાપાયે નુકસાની થઈ હોવાનું સામે આવ્યું. ટાઈમાઉઝર નામની કંપનીમાં આગ લાગી હતી.

## દાહોદમાં જૈન સાધ્વી અને શ્રાવકના ઘટનાસ્થળે જ કમકમાટીભર્યા મોત

। દાહોદ, તા.૧૩ ।

ગુજરાતના દાહોદમાં હિટ એન્ડ રનની ઘટના સામે આવી છે. ગુરૂવારે વહેલી સવારે દાહોદના કંબોઈ નજીક અજાણ્યા વાહને જૈન સાધ્વી અને શ્રાવકને અડફેટે લીધા અને ફરાર થઈ ગયું હતું. અકસ્માતના કારણે સાધ્વી અને શ્રાવકનું મોત નિપજતા સમગ્ર સમાજમાં શોકનો માહોલ છે.હાલ દાહોદમાં ૨૧ થી ૨૫ તારીખ સુધી પંચકલ્યાણ મહોત્સવ અંતર્ગત પ્રાણ પ્રતિષ્ઠાનું આયોજન કરવામાં આવ્યું છે. જેથી રાજ્યભરમાંથી સાધુ-સાધ્વીઓ પગપાળા દાહોદ પહોંચી રહ્યાં છે. આ દરમિયાન ગુરૂવારે (૧૩ ફેબ્રુઆરી) વહેલી સવારે એક જૈન સાધ્વી અને શ્રાવક પણ દાહોદ તરફ વિહાર કરી રહ્યાં હતાં. ત્યારે અચાનક પાછળથી પૂરપાટ ઝડપે આવતાં એક અજાણ્યા વાહને સાધ્વી અને શ્રાવકને ટક્કર મારી અને ફરાર થઈ ગયું.

## જામનગરમાં વેપારી સહિત બે શખ્સો મોબાઈલ ફોન મારફતે ક્રિકેટનો સટ્ટો રમતા પકડાયા

। જામનગર, તા.૧૩ ।

જામનગરના બર્ધન ચોક વિસ્તારમાંથી ગઈકાલે સાંજે એક વેપારી સહિત બે શખ્સો પોતાના મોબાઈલ ફોનની આઈડી મારફતે ક્રિકેટનો સટ્ટો રમતા પકડાયા છે. જે બંનેની પોલીસ દ્વારા અટકાયત કરી લેવામાં આવે છે.જામનગરના સિટી સી. ડિવિઝનના પોલીસ સ્ટાફને ચોક્કસ બાતમી મળી હતી કે બર્ધનચોક લીંડી બજાર વિસ્તારમાં એક વેપારી અને તેના એક સાથીદાર દ્વારા ગઈકાલે અમદાવાદમાં રમાયેલી ભારત અને ઈંગ્લેન્ડની ટીમ વચ્ચેની ક્રિકેટ મેચ પર મોબાઈલ ફોનની આઈડી મારફતે સોદા કરીને સટ્ટો રમી રહ્યા છે.જે બાતમીના આધારે સીટી એ. ડિવિઝન પોલીસે દરોડો પડ્યો હતો, અને લીંડી બજારમાંથી અફઝલ ઉર્ફે વાલેવા કાસમભાઈ ગુજરાતી નામના વેપારી તેમજ ઈરફાન ઉર્ફે અજમેરીની અટકાયત કરી લઈ તેની પાસેથી બે નંગ મોબાઈલ ફોન અને રૂપિયા ૧,૧૮૦ ની રોકડ રકમ કબજે કરી છે.

### ભારતીય વિજ્ઞાનીઓ દ્વારા ખૂબ જ મોટી શોધ કરવામાં આવી

# પીઆરએલના વિજ્ઞાનીઓએ સૂર્યમાળાની બહાર શોધ્યો એલિયન પ્લેનેટ

### આ પ્લેનેટ એટલો મોટો છે કે એમાં ૨૬૩ જેટલી પૃથ્વી સમાઈ શકે । TOI-6038A bનામ આપવામાં આવ્યું

। અમદાવાદ, તા.૧૩ ।

૨૬૩ પૃથ્વી સમાઈ જાય એટલું કદ ભારતીય વિજ્ઞાનીઓ દ્વારા ખૂબ જ મોટી શોધ કરવામાં આવી છે. તેમણે સોલર સિસ્ટમની બહાર એક ખૂબ જ મોટો એલિયન પ્લેનેટ શોધી કાઢ્યો છે. તેને TOI-6038A bનામ આપવામાં આવ્યું છે. આ પ્લેનેટ એટલો મોટો છે કે એમાં ૨૬૩ જેટલી પૃથ્વી સમાઈ શકે છે. અમદાવાદની ફિઝિકલ રિસર્ચ લેબોરેટરીના વિજ્ઞાનીઓ દ્વારા માઉન્ટ આબુમાં આવેલી ઓબઝર્વેટરીના ટેલિસ્કોપ દ્વારા આ શોધ કરી છે. આ પ્લેનેટની ઓરબિટ એકદમ બ્રાઈટ છે. એની ઓરબિટ ૫.૮૩ દિવસની છે. આ સ્ટાર આપણાં સૂર્ય કરતાં વધુ ગરમ છે અને વધુ પ્રકાશ પાથરે છે.આ પ્લેનેટની સિસ્ટમમાં બે સ્ટાર્સ છે. એની ઓરબિટ એક સ્ટારની છે, અને એ જ સિસ્ટમમાં બીજા એક સ્ટાર છે, પણ એ સ્ટાર પહેલાથી થોડો દૂર છે.TOI-6038A b એડવાન્સ પ્લેનેટ છે જે નેપ્ટ્યુન જેવો અને ગેસ જાયન્ટ પ્લેનેટની વચ્ચે આવે છે. આ ખાસ પ્લેનેટ છે જે આપણા સોલર સિસ્ટમમાં નથી. વિજ્ઞાનીઓએ હાઈ-ટેક ટેલિસ્કોપનો ઉપયોગ કર્યો હતો. આ ઈન્સ્ટ્રુમેન્ટનું નામ PARAS-2 છે. એની મદદથી આ પ્લેનેટ શોધી કાઢાયો છે. આ ટેલિસ્કોપ સ્ટાર્સની નાની નાની ચળવળ શોધી શકે છે.આ શોધને લીધે લોકો



જાણવા મળશે કે ભારતના વિજ્ઞાનીઓ દુનીયાની શ્રેષ્ઠ ટેક્નોલોજીનો ઉપયોગ કરે છે.વિજ્ઞાનીઓ TOI-6038A bની વધુ સ્ટડી કરવા માટે ઉત્સાહી છે. આ બ્રાઈટ પ્લેનેટ હોવાથી ભવિષ્યમાં વધુ રિસર્ચ થઈ શકે છે. અવકાશ માટેના રિસર્ચમાં ભારત વધુ આગળ વધી રહ્યું છે અને નવા પ્લેનેટ શોધવા માટે આતુર છે. ભારત હવે સોલર સિસ્ટમની બહાર જઈને પણ રિસર્ચ કરી રહ્યું છે. આ પ્લેનેટને સબ-સેટર્ન કહેવામાં આવે છે, કારણ કે એ સેટર્ન કરતાં નાનું છે. આ સબ-સેટર્ન પ્લેનેટની સ્ટડી evolutionary છે, કારણ કે આ કેટેગરીના પ્લેનેટ આપણા સૂર્યમંડળમાં નથી.ઈન્ડિયન સ્પેસ રિસર્ચ ઓર્ગેનાઈઝેશન એટલે કે ઈસરોએ આ વિશે જણાવ્યું કે 'માઉન્ટ આબુના ગુરુશિખરમાં આવેલી ઓબઝર્વેટરીમાં ‟છઈછજી-૨ના ૨.૫ મીટરના ટેલિસ્કોપનો ઉપયોગ કરીને બીજી વાર વિજ્ઞાનીઓ દ્વારા એક્સોપ્લેનેટની શોધ કરવામાં આવી છે. PARAS-1 અને PARAS-2નો ઉપયોગ કરીને વિજ્ઞાનીઓ દ્વારા પાંચમી શોધ કરવામાં આવી છે.

## જામનગરના રેલ્વે સ્ટેશન પાસેથી શખ્સ ચાઇના બનાવટની સિગરેટોના જથ્થા સાથે પકડાયો

। જામનગર, તા.૧૩ ।

જામનગરના ગાંધીનગર રેલ્વે સ્ટેશન પાસેથી એક શખ્સ ચાઈના બનાવટની સિગરેટોના જથ્થા સાથે પકડાયોજામનગરની એસ.ઓ.જી. શાખાની ટુકડીએ ગાંધીનગર રેલ્વે સ્ટેશન પાસે વોચ ગોઠવી ચાઈનાની બનાવટના સિગરેટના ૨૦ પેકેટો સાથે એક શખ્સની અટકાયત કરી છે, અને તેની સામે તમાકુ ઉત્પાદન અને વેચાણને લગતી કલમ હેઠળ ગુનો નોંધ્યો છે. આ દરોડાની વિગત એવી છે કે જામનગરમાં ગાંધીનગર રેલ્વે સ્ટેશન પાસેથી પસાર થઈ રહેલો એક શખ્સ કે જેની પાસે ચાઈના બનાવટની સિગરેટનો જથ્થો ગેરકાયદે રીતે આયાત કરાયો છે, અને તેનું ખાનગીમાં વેચાણ કરી રહ્યો છે.જે બાતમીના આધારે એસ.ઓ.જીની ટુકડીએ વોચ ગોઠવી હતી, અને રોનક ભગવાનજીભાઈ ડોડીયા નામના એક શખ્સને આંતરી લીધો હતો. જેની તલાસી લેતાં તેના કબજામાંથી ચાઈના બનાવટના સિગારેટના ૨૦ પેકેટો મળી આવ્યા હતા. જેથી પોલીસે તેની પાસેથી રૂપિયા ૨,૦૦૦ ની કિંમતનો વિદેશી સિગરેટનો જથ્થો કબજે કર્યો છે, અને તેની સામે સીટી બી. ડિવિઝન પોલીસ મથકમાં સિગારેટ અને તમાકુ ઉત્પાદન અને વેચાણ તેમજ પૂરો પાડવા પર પ્રતિબંધ અધિનિયમ ૨૦૦૩ ની કલમ ૭, ૮, ૯, અને ૨૦ મુજબ ગુનો નોંધ્યો છે.સિંગારેટના પેકેટ પર અંગ્રેજી ભાષામાં ચેતવણી વગેરે લખવાની હોય છે, પરંતુ તેવું કોઈ લખાણ ન હતું, અને માત્ર ચાઈનીઝ ભાષા લખેલી હતી.

### હેડ સ્કુલના વિદ્યાર્થીઓએ વૈભવી કાર સાથે રેલી કાઢી હોવાનો વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ

# વૈભવી કારો સાથે સુરતને માથે લેનારા વિદ્યાર્થીઓ સામે કડક કાર્યવાહી । પોલીસે ૨૦ લક્ઝુરિયસ કાર કબજે

। સુરત, તા.૧૩ ।

સુરતના જહાંગીરપુરા -દાંડી રોડની ફાઉન્ટન હેડ સ્કુલના વિદ્યાર્થીઓએ વૈભવી કાર સાથે રેલી કાઢી હોવાનો વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થયો હતો. ધોરણ ૧૨માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓએ ફેરવેલમાં રોલો પાડવા માટે રીતસર વૈભવી કારનો રોડ શો યોજી કાયદાના ધજાગરા ઉડાવ્યા હતા. જોકે, આ મામલે સુરતની પાલ પોલીસે ૨૦ જેટલી ગાડીઓ જપ્ત કરી છે.જહાંગીરપુરા -દાંડી રોડ પર આવેલી ફાઉન્ટન હેડ સ્કુલના આચાર્ય સાથે અલગ અલગ મુદ્દે પૂછપરછ કર્યા બાદ જિલ્લા શિક્ષણાધિકારીએ જણાવ્યું હતું કે 'જો વાલી કસુરવાર ઠરશે તો પોલીસ કે પછી આરટીઓ કાર્યવાહી કરશે અને જો શાળા આ



બાબતે કસુરવાર હશે તો એનઓસી રદ થવા સુધીની કાર્યવાહી કરાશે.' સુરત નજીકના ફાઉન્ટેન હેડ સ્કુલના બોર્ડના વિદ્યાર્થીઓ દ્વારા ફેરવેલ માટે ડી-માર્ટથી છેક સ્કુલ સુધી હાઈફાઈ કારોના કાફલા સાથે રેલી કાઢીને જે ઉજવણી કરાઈ હતી. તે ઉજવણીના શહેરભરમાં ભારે પડઘા પડ્યા છે. એકબાજુ પોલીસ દ્વારા કાર્યવાહી કરાઈ રહી છે. પોલીસે અત્યાર સુધીમાં ૨૦ કાર ડોટેઈન કરીને જરૂરી કાર્યવાહી ચાલુ રાખી છે. તો બીજી તરફ સુરત જિલ્લા શિક્ષણાધિકારી ભગીરથસિંહ પરમારે જણાવ્યું હતું કે જો વાલીઓએ સંતાન પાસે લાયસન્સ ના હોવા છતાં કારો આપી હશે તો આરટીઓ અને પોલીસ દ્વારા કાર્યવાહી કરવામાં આવશે. અને જો શાળા કસુરવાર હશે તો શાળાની એનઓસી રદ કરવા સુધીની કાર્યવાહી કરાશે.સુરતના જહાંગીરપુરા -દાંડી રોડની ફાઉન્ટન હેડ સ્કુલના વિદ્યાર્થીઓએ વૈભવી કાર સાથે રેલી કાઢી હોવાનો વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થયો હતો.

## રાજકોટમાં પ્રેમિકાને છરીના સાત ઘા ઝીંક્યા બાદ પ્રેમીએ કર્યો આપઘાતનો પ્રયાસ

। રાજકોટ, તા.૧૩ ।

પ્રેમિકાને છરીના સાત ઘા ઝીંક્યા બાદ પ્રેમીએ કર્યો આપઘાતનો પ્રયાસ રાજકોટના જંગલેશ્વર વિસ્તારમાં આજે સવારે એક પ્રેમીએ તેની પ્રેમિકાને છરીના સાતેક ઘા ઝીંકી દીધા બાદ પોતાના પેટમાં પણ બે ઘા ઝીંકી આપઘાતનો પ્રયાસ કર્યો હતો. પ્રેમિકાની માંગરોળ સગાઈ નક્કી થતાં ઉશ્કેરાયેલા પ્રેમીએ આ કૃત્ય કર્યાનું બહાર આવ્યું છે. ભક્તિનગર પોલીસે પ્રેમી સામે ખૂનની કોશિષ સહિતની કલમો હેઠળ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.પોલીસ પાસેથી પ્રાપ્ત માહિતી મુજબ ભારતી અશોકભાઈ સાથરીયા ચાર બહેનો અને એક ભાઈમાં ચોથા નંબરની છે. ભારતીના લગ્ન થઈ ગયા હતા. પાંચેક વર્ષ પહેલા તેના છૂટાછેડા થઈ ગયા હતા. હાલ તે જંગલેશ્વર વિસ્તારમાં રહેતી હતી. છેલ્લા પાંચેક વર્ષથી તેને સાત હનુમાન પાસે રહેતા સંજય વિનુભાઈ મકવાણા સાથે પ્રેમ સંબંધ બંધાયો હતો. થોડા સમય પહેલા ભારતીની પરિવારના સભ્યોએ માંગરોળ સગાઈ નક્કી કરી હતી. જેની જાણ થતાં જ પ્રેમી સંજય ઉશ્કેરાઈ ગયો હતો અને અવારનવાર તેને સગાઈ અને લગ્ન નહીં કરવા ધાક ધમકી આપતો હતો. ભારતી તેની બહેન રેખા અજયભાઈ ભોજૈયા સાથે જંગલેશ્વર મેઈન રોડ પર ઝમઝમ ચોકમાં લેઉવા પટેલ સોસાયટી શેરી નં. ૧ના ખૂણા પાસે થડો રાખી મચ્છી વેચતી હતી.

## ૧૦મા ધોરણની સગીરાને ગેસ્ટ હાઉસમાં લઈ જઇ આચર્યુ દુષ્કર્મ

। અમરેલી, તા.૧૩ ।

અમરેલીના વંડા બાદ હવે સાબરકાંઠા જિલ્લાના શિક્ષણ જગતને લાંછન લગાવતો એક કિસ્સો સામે આવ્યો છે. ત્યારે હિંમતનગરની તાલુકા શાળામાં અભ્યાસ કરતી કિશોરી પર શિક્ષકે દુષ્કર્મ આચર્યુ છે. આ નરાધમ શિક્ષક બર્થડે કેક કાપવાના બહાને ઈડર રોડ પર આવેલા ગેસ્ટ હાઉસમાં લઈ જઈ ગયો હતો અને જ્યાં તેણે દુષ્કર્મ આચર્યુ છે. આ મામલે કિશોરીના માતા-પિતાએ ફરિયાદ નોંધાવતાં ચકચાર મચી જવા પામી છે. પ્રાપ્ત માહિતી અનુસાર સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર તાલુકા શાળામાં અભ્યાસ કરતી વિદ્યાર્થીની પર શાળાના જ શિક્ષકે દુષ્કર્મ આચર્યુ છે. વિદ્યાર્થી ધોરણ ૧૦માં અભ્યાસ કરે છે અને શિક્ષક ધોરણ ૧૦માં અંગ્રેજી અને સંસ્કૃત વિષય ભણાવે છે. શિક્ષક વિદ્યાર્થીનીને બર્થડે કેક કાપવાના બહાને ઈડર રોડ પર આવેલા ગેસ્ટ હાઉસમાં લઈ ગયો હતો. જ્યાં તેણે સતત બે કલાક સુધી વિદ્યાર્થીની પર દુષ્કર્મ આચરતાં વિદ્યાર્થીની તબિયત લથડી હતી. ત્યારબાદ શિક્ષક વિદ્યાર્થીને સિવિલ હોસ્પિટલ ખાતે મૂકીને ભાગી ગયો હતો. આ સમગ્ર મામલે પોલીસે ફરીયાદ નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી આરોપી શિક્ષકને ઝડપી પાડવાની કાર્યવાહી હાથ ધરી છે.



## ૨૮ ગ્રાન્ટેડ લો કોલેજોમાં પ્રવેશ કાર્યવાહી પણ શરૂ થઈ નથી

# વડોદરામાં ચક્કાજામ : એસસી ને એસટીના વિદ્યાર્થીઓની સ્કોલરશિપ બંધ કરતા એબીવીપી દ્વારા વિરોધ પ્રદર્શન

**વડોદરા શહેરના ફતેગંજ વિસ્તારમાં ઉગ્ર દેખાવો કરીને ચક્કાજામ કર્યો હતો । જેના કારણે સેંકડો વાહન ચાલકો અટવાયા હતા**

। વડોદરા, તા.૧૩ ।

મેનેજમેન્ટ ક્વોટા હેઠળ પ્રવેશ લેનારા અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓ માટેની પ ોસ્ટ મેટ્રિક શિષ્યવૃત્તિ બંધ કરવાના ગુજરાત સરકારના પરિપત્રને લઈને હોબાળો મચ્યો છે. આજે ભાજપની વિદ્યાર્થી પાંખ એબીવીપીએ પ ોતાની જ સરકારના આ નિર્ણયની સામે વડોદરા શહેરના ફતેગંજ વિસ્તારમાં ઉગ્ર દેખાવો કરીને ચક્કાજામ કર્યો હતો. જેના કારણે સેંકડો વાહન ચાલકો અટવાયા હતા.એબીવીપીનું કહેવું છે કે, મેનેજમેન્ટ ક્વોટા પરની બેઠકોમાં પ્રવેશ લેનારા વિદ્યાર્થીઓને પણ સરકારી બેઠકો પર પ્રવેશ લેનારા અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓની જેમ સ્કોલરશિપ મળતી હતી પરંતુ વર્તમાન શૈક્ષણિક વર્ષ દરમિયાન સ્કોલરશિપ મળશે તેવી અપેક્ષા રાખીને મેનેજમેન્ટ ક્વોટામાં અનુસૂચિત જનજાતિના સંખ્યાબંધ વિદ્યાર્થીઓએ પ્રવેશ લીધો હતો અને હવે તેમને સ્કોલરશિપ નહીં આપવાનો પરિપત્ર બહાર પાડવામાં આવ્યો છે. જેના કારણે આવી બેઠકો પર પ્રવેશ લેનારા વિદ્યાર્થીઓ મૂંઝવણમાં મૂકાયા છે. ઘણા વિદ્યાર્થીઓ આર્થિક રીતે નબળા પરિવારોમાંથી આવે છે.સ્કોલરશિપ નહીં મળે તો તેઓ આગળ અભ્યાસ કરી શકે તેવી સ્થિતિમાં નથી. આમ



સરકાર ૨૦૨૪-૨૫ વર્ષ માટે સ્કોલરશિપ નહીં આપવાના નિર્ણયને પાછો ખેંચે.સાથે સાથે એબીવીપીએ કહ્યું હતું કે, રાજ્યની ૨૮ ગ્રાન્ટેડ લો કોલેજોમાં ચાલુ વર્ષે પણ પ્રવેશ પ્રક્રિયા શરૂ થઈ નથી. બાર કાઉન્સિલ ઓફ ઈન્ડિયાના ધારાધોરણ પ્રમાણે ગ્રાન્ટેડ લો કોલેજોમાં અધ્યાપકો નહીં હોવાના કારણે આ કોલેજોની માન્યતા રદ કરવામાં આવી છે. ગત વર્ષે પણ લો કોલેજોમાં પ્રવેશની સમસ્યા ઉભી થઈ હતી. તે વખતે પણ એબીવીપીને આંદોલન કરવું પડયું હતું.એબીવીપીએ માગ કરી હતી કે, ગ્રાન્ટેડ કોલેજોમાં અધ્યાપકોની ધારાધોરણ પ્રમાણે ભરતી કરવામાં આવે અને આ તમામ કોલેજોને મળતી ગ્રાન્ટમાં સરકાર વધારો કરે તેમજ બાર કાઉન્સિલ ઓફ ઈન્ડિયા સાથે ચર્ચા વિચારણા કર્યા બાદ પ્રવેશ કાર્યવાહી ફરી શરૂ કરે. જેથી વિદ્યાર્થીઓ શિક્ષણ મેળવી શકે. જો સરકાર આ બંને બાબતો પર ધ્યાન નહીં આપે તો એબીવીપી આનાથી પણ વધારે ઉગ્ર અને રાજ્યવ્યાપી આંદોલન શરૂ કરશે. દરમિયાન એબીવીપીના કાર્યકરોએ વિરોધ નોંધાવવા માટે કરેલા ચક્કાજામ બાદ પોલીસ સ્થળ પર પહોંચી હતી. એક તબક્કે એબીવીપ ીના કાર્યકરોને હટાવવાની કાર્યવાહી દરમિયાન પોલીસ અને કાર્યકરો વચ્ચે ખેંચતાણ અને ધક્કામુક્કી પણ થઈ હતી. પોલીસે સંખ્યાબંધ કાર્યકરોની અટકાયત કરી તે પછી વાહનોની અવર જવર ફરી શરુ થઈ હતી.૨૮ ગ્રાન્ટેડ લો કોલેજોમાં પ્રવેશ કાર્યવાહી પણ શરૂ થઈ નથીમેનેજમેન્ટ ક્વોટા હેઠળ પ્રવેશ લેનારા અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓ માટેની પ ોસ્ટ મેટ્રિક શિષ્યવૃત્તિ બંધ કરવાના ગુજરાત સરકારના પરિપત્રને લઈને હોબાળો મચ્યો છે. આજે ભાજપની વિદ્યાર્થી પાંખ એબીવીપીએ પ ોતાની જ સરકારના આ નિર્ણયની સામે વડોદરા શહેરના ફતેગંજ વિસ્તારમાં ઉગ્ર દેખાવો કરીને ચક્કાજામ કર્યો હતો. જેના કારણે સેંકડો વાહન ચાલકો અટવાયા હતા.એબીવીપીનું કહેવું છે કે, મેનેજમેન્ટ ક્વોટા પરની બેઠકોમાં પ્રવેશ લેનારા વિદ્યાર્થીઓને પણ સરકારી બેઠકો પર પ્રવેશ લેનારા અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓની જેમ સ્કોલરશિપ મળતી હતી.

## એસઓજી પોલીસે પ્રિન્ટર, નોટો છાપવાની સામગ્રી સહિતનો મુદ્દામાલ જપ્ત કર્યો

# નડિયાદ જિલ્લામાં નકલી ચલણી નોટો છાપવાનું કારખાનું ઝડપાયું

। આણંદ, તા.૧૩ ।

નડિયાદમાં નકલી ચલણી નોટો છાપ વાનું કારખાનું ઝડપાયું, પ્રિન્ટર મશીન સહિત બે આરોપીની ધરપકડ ગુજરાતમાં અવાર-નવાર નકલી નોટો ઝડપાઈ રહી છે. ત્યારે નડિયાદમાં નકલી ચલણી નોટો છાપવાનું કારખાનું ઝડપાયું છે. ખેડા એસઓજી પોલીસ દ્વારા પ્રિન્ટર, નકલી ચલણી નોટો છાપવાની સામગ્રી અને ૧ લાખ રૂપિયાથી વધુની નકલી ચલણી નોટો સાથે બે લોકોની ધરપકડ કરાઈ છે.મળતી માહિતી અનુસાર, નડિયાદ શહેરમાં આવેલા વ્હોરવાડ વિસ્તારમાં ધૂપેલીના ખાંચામાં નકલી નોટો છાપ વાનું કારખાનું ચાલતું હતું. આ અંગેની જાણ જીંઇ પોલીસને થતા દરોડા પાડવામાં આવ્યા હતા. જ્યાં મહમ્મદશરીફ ઉર્ફે શાહુ મહેબુબભાઈ મલેક અને અરબાઝ ઉર્ફે અબુ અયુબભાઈ અલાદની ધરપકડ કરી છે. આ બંને યુવકો ૧૦૦, ૨૦૦ અને ૫૦૦ રૂપિયાની નકલી ચલણી નોટો છાપતા હતા. એસઓજી પોલીસે પ્રિન્ટર, નોટો છાપવાની સામગ્રી સહિતનો મુદામાલ જપ્ત કર્યો છે. આરોપીઓને કોર્ટમાં રજૂ કરી રિમાન્ડ મેળવવા પોલીસ કામગીરી કરવામાં આવશે. નડિયાદમાં નકલી ચલણી નોટો છાપવાનું કારખાનું ઝડપાયું, પ્રિન્ટર મશીન સહિત બે આરોપીની ધરપકડ ગુજરાતમાં અવાર-નવાર નકલી નોટો ઝડપાઈ રહી છે. ૧ લાખ રૂપિયાથી વધુની નકલી ચલણી નોટો સાથે બે લોકોની ધરપકડ કરાઈ છે.

## જામજોધપુરના સતાપરમાં પાણી વાળી રહેલા ખેડૂતનું વીજઆંચકો લાગવાથી મૃત્યુ

। જામનગર, તા.૧૩ ।

જામજોધપુર તાલુકાના સતાપર ગામમાં રહેતા અને ખેતી તેમજ પશુપાલનનો વ્યવસાય કરતા કરસનભાઈ માંડાભાઈ છેલાણા નામના ૩૪ વર્ષના રબારી યુવાનને પોતાની વાડીમાં પાણી વાળતી સમયે એક વીજવાયરમાં લિકેજ હોવાથી એકાએક વીજઆંચકો લાગ્યો હતો, અને બેશુદ્ધ બન્યા હતા. જેને પરિવારજનોએ સારવાર માટે જામજોધપુરની સરકારી હોસ્પિટલમાં પહોંચાડ્યા હતા, જ્યાં ફરજ પરના તબીબે તેનું મૃત્યુ નીપજ્યું હોવાનું જાહેર કર્યું હતું. આ બનાવો અંગે મૃતકના મોટાભાઈ અરજણભાઈ માંડાભાઈ છેલાણાએ પોલીસને જાણ કરતાં પી.એસ.આઈ એચ.બી.વડાવિયા બનાવના સ્થળે તેમજ જામજોધપુરની સરકારી હોસ્પિટલમાં પહોંચી ગયા હતા, અને મૃતદેહનો કબજો સંભાળી સમગ્ર બનાવ અંગે વધુ તપાસ હાથ ધરી છે.આ બનાવને લઈને મૃતક રબારી યુવાનની ત્રણ વર્ષની પુત્રી તેમજ એક વર્ષના પુત્ર એ પિતાનું છત્ર ગુમાવ્યું છે. યુવાનને પોતાની વાડીમાં પાણી વાળતી સમયે એક વીજવાયરમાં લિકેજ હોવાથી એકાએક વીજઆંચકો લાગ્યો હતો.

## વડોદરા કોર્પોરેશનની નવી આર્ટ ગેલેરી તૈયાર, પરંતુ હજુ ખુલ્લી મૂકવામાં આવી નથી

। વડોદરા, તા.૧૩ ।

વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા બદામડી બાગ ખાતે ફાયર સ્ટેશન અને નવી આર્ટ ગેલેરી આશરે ૬ કરોડના ખર્ચે બનાવી છે. આર્ટ ગેલેરી તૈયાર છે, અને હજુ સુધી તે ખુલ્લી મુકવામાં આવી નથી. તાજેતરમાં સ્ટેન્ડિંગ સમિતિમાં આ માટેની એક દરખાસ્ત મંજૂર કરવામાં આવી હતી. આ આર્ટ ગેલેરીને સ્વામી વિવેકાનંદ આર્ટ ગેલેરી નામ અપાયું છે. જેની સાથે સાથે આર્ટ ગેલેરીના ધંધાકીય અને બિન ધંધાકીય ઉપયોગ માટે ભાડું અને લાગત પણ નક્કી કરવામાં આવી છે.ટુરિસ્ટ વિભાગ દ્વારા બદામડીબાગ ખાતેની વર્ષો અગાઉ બનેલી સ્વામી વિવેકાનંદ આર્ટ ગેલેરીનુ સંચાલન કરવામા આવતુ હતુ.

વર્ષ ૨૦૧૮ માં જૂની આર્ટ ગેલેરી તોડી પાડીને નવી આર્ટ ગેલેરી બનાવવાની હોઈ ગેલેરીનુ બૂકિંગ તથા વપરાશ બંધ કરી દેવામાં આવ્યો હતો. હવે નવી આર્ટ ગેલેરીનું બૂકિંગ નવી ઈઆરપી સીસ્ટમથી શરૂ કરવામા આવશે. જોકે હજુ સમગ્ર સભાની મંજૂરી લેવાની બાકી છે. વડોદરાના કલાકારો છેલ્લા સાત વર્ષથી આર્ટ ગેલેરી વિના પરેશાન છે. આર્ટ ગેલેરી માટે અગાઉ આંદોલનનો પણ કર્યા હતા અને જલ્દી આર્ટ ગેલેરી આપવા માંગણી કરી હતી. હવે બિલ્ડીંગ તૈયાર છે તો તે જલ્દી શરૂ કરવા માંગ કરી છે. આર્ટ ગેલેરીની સાથે-સાથે ગ્રાઉન્ડ ફલોર પર ફાયર બ્રિગેડ સ્ટેશન પણ બનાવવામાં આવ્યું છે. કોર્પોરેશનનું મુખ્ય ફાયર સ્ટેશન જે દાંડિયા બજાર ખાતે હતું, તે તોડી પાડીને બદામડી બાગની જગ્યામાં બનાવવા જે તે સમયે નિર્ણય થયો ત્યારે વિરોધ થયો હતો. જે તે સમયે વિરોધ પક્ષ કોંગ્રેસના મહિલા નેતાએ માગણી કરતા જણાવ્યું હતું કે શહેરની મધ્યમાં લોકોને શુધ્ધ હવા મળે તે માટે બહુ ઓછા ગાર્ડન બચ્યા છે, તો ગાર્ડન અકબંધ રાખવો જોઈએ. લોકો પાસેથી ગાર્ડનની સુવિધા ન છીનવાય તે ધ્યાનમાં રાખવા અનુરોધ કર્યો હતો.






## તંત્રી લેખ..

# સારવાર પર વધુ ખર્ચ

કોરોનાની મહામારીમાંથી વિશ્વના દેશો હજુ બહાર નિકળી શક્યા નથી. છેલ્લા ત્રણ વર્ષથી આ બિમારીએ હાહાકાર મચાવ્યો છે. દુનિયાના કોઇ દેશ આ બિમારીથી બચી શક્યા નથી. આ મહામારીના કારણે દુનિયાના દેશોના લોકો આરોગ્યને લઈને વધારે સાવધાન થઈ ગયા છે. જેના કારણે પોતાના શરીર પર વધારે ધ્યાન આપી રહ્યા છે. સારવાર પર વધારે ખર્ચ કરતા થયા છે. થોડાક સમય પહેલા વિશ્વ આરોગ્ય સંગઠન ડબલ્યુએચઓ દ્વારા નવો ચોંકાવનારો હેવાલ જારી કર્યો છે. જે દર્શાવે છે કે ભારતીય લોકો આવકના તેમના ૧૦ ટકા હિસ્સાને તો સારવાર પર ખર્ચ કરી નાંખે છે. હવે વિશ્વ આરોગ્ય સંસ્થાએ માહિતી આપતા કહ્યુ છે કે આવકના ૧૦ ટકા હિસ્સાને ભારતીયો સારવાર પર ખર્ચ કરે છે. હેવાલમાં કહેવામાં આવ્યુ છે કે અડધા ભારતીયની જરૂરી આરોગ્ય સેવા સુધી પહોંચ નથી. જ્યારે એવા લોકો જે આરોગ્ય સેવા પર લાભ ઉઠાવી શકે છે તેવા લોકો પૈકી લોકો તેમની સારવાર પર આવકના ૧૦ ટકા હિસ્સાને ખર્ચ કરે છે. વિશ્વ આરોગ્ય સંસ્થાની વેબસાઈટ પર પ્રકાશિત હેવાલમાં કેટલીક નવી વિગત પણ જાહેર કરવામાં આવેલી છે.હેવાલ મુજબ ભારતની વસ્તીના ૧૭.૩ ટકા અથવા તો ૨૩ કરોડ નાગરિકોને વર્ષ ૨૦૦૭-૨૦૧૫ દરમિયાન સારવાર પર પોતાની આવકના ૧૦ ટકા કરતા વધારે હિસ્સાને ખર્ચ કરવાની ફરજ પડી હતી. ભારતમાં સારવાર પર પોતાના ખિસ્સામાંથી ખર્ચ કરનાર પીડિત લોકોની સંખ્યા બ્રિટન, ફ્રાન્સ અને જર્મનીની કુલ વસ્તી કરતા પણ વધારે છે. ભારતની તુલનામાં સારવાર પર પોતાની આવકના ૧૦ ટકા હિસ્સાને ખર્ચ કરનાર લોકોની કુલ વસ્તીમાં તેમની ભૂમિકા ઓછી હોય છે. ભારતની તુલનામાં સારવાર પર પોતાની આવકનો ૧૦ ટકાથી વધારે હિસ્સો ખર્ચ કરનાર લોકોની કુલ વસ્તીમાં શ્રીલંકામાં ૨.૯ ટકા, બ્રિટનમાં ૧.૬ ટકા, અમેરિકામાં ૪.૮ ટકા, ચીનમાં ૧૭.૭ ટકા છે. રિપોર્ટમાં કહેવામાં આવ્યુ છે કે દેશની વસ્તીના ૩.૯ ટકા હિસ્સો અટલે કે પાંચ કરોડ ભારતીય પોતાના સ્થાનિક બજેટમાં એક ચતુર્થાંશ કરતા વધારે ખર્ચ સારવાર પર કરે છે. જ્યારે શ્રીલંકામાં આવી વસ્તી ૦.૧ ટકા છે. બ્રિટનમાં આવી વસ્તી ૦.૫ ટકાની છે. અમેરિકામાં આવી વસ્તી ૦.૮ ટકાની છે. ચીનમાં ૪.૮ ટકાની છે. તાજેતરમાં કરવામાં આવેલા અભ્યાસમાં જણાવવમાં આવ્યું છે કે હોસ્પિટલમાં થતા બેક્ટેરિયલ ઈન્ફેક્શનના કારણે ભારતમાં દર વર્ષે જન્મના પ્રથમ ચાર સપ્તાહમાં ૧૯૦૦૦૦ બાળકોના મોત થઈ જાય છે. અભ્યાસમાં ચોંકાવનારા તારણ સપાટી પર આવ્યા બાદ આરોગ્યને લઈને ભારતમાં નવજાત શિશુના મામલે ગંભીર ચિત્ર સપાટી પર આવ્યું છે. સેન્ટર ફોર ડીસીઝડાયનેમિક્સ ઈકોનોમિક્સ એન્ડ પોલિસી દ્વારા કરવામાં આવેલા અભ્યાસમાં જણાવવામાં આવ્યું છે કે આશરે ૧૦ લાખ ભારતીય નવજાત શિશુ દર વર્ષે લાઈફના પ્રથમ ચાર સપ્તાહમાં મૃત્યુ પામે છે. આ મોત પૈકી ૧૯૯૦૦૦ જેટલાં નવજાત શિશુના મોત બેક્ટેરિયલ ઈન્ફેક્શનનાં કારણે થાય છે. સેપ્સીસ અથવાતો બેક્ટેરિયલ ઈન્ફેક્શન સારવાર થઈ શકે તે પ્રકારનો રોગ છે.

## થોડું હટકે...

# ઘરેથી કામની કેટલીક આડ અસર

કેરિયરમાં સફળતા મેળવી લેવા માટે લોકો હવે ૨૪ કલાક સુધી ભાગદોડ કરે છે. ઘરથી કામ પણ અલગ રીતે કરે છે. આ પ્રવાહ દેશમાં વધારે મજબુત આગામી દિવસોમાં બની શકે છે. ઘરથી કામ કરવાની બાબત યોગ્ય છે પરંતુ તેની કેટલીક આડ અસર પણ રહેલી છે. જે લોકો ઘરથી કામ કરવા ઈચ્છુક છે તે લોકોને સમજી લેવાની જરૂર છે કે આના કારણે ટેન્શન પણ વધી શકે છે. ભારતમાં વર્ક ફ્રોમ હોમ ટ્રેન્ડને નવા તરીકે ગણી શકાય છે. જો કે વિદેશી દેશોમાં આ ક્રેઝ તો જોવા મળે છે. મોટી મલ્ટીનેશનલ કંપનીઓના કારોબારીઓને બાદ કરતા અન્ય તમામ કર્મચારીઓને આ સંબંધમાં હજુ પુરતી માહિતી નથી. આ બાબત સાંભળીને સારી લાગે છે કે આપ ઘરે બેસીને જ કોમ્પ્યુટર અને અન્ય ડિવાઈસ પર કંપનીના કામને પૂર્ણ કરી નાંખો છો. આના કારણે પૂર્ણ પગાર પણ મળે છે. પરંતુ આ કોન્સેપ્ટ ટેન્શન પણ આપી શકે છે. જો તમે ઘેર બેસીને ઓફિસ કામ કરો છો તો આસપાસના લોકો જાસુસી કરવા લાગી જાય છે. સાથે સાથે સાબિત કરવાના પ્રયાસ કરે છે કે આપની નોકરી છુટી ગઈ છે. આવી સ્થિતીમાં દરેક વ્યક્તિને આ બાબત કહેવી પડે છે કે આપની નોકરી ગઈ નથી. પરંતુ આપ કંપનીના કામને ઘરેથી જ કરી રહ્યા છો. સંબંધીઓ પણ અપેક્ષા કરે છે કે કોઈ પણ સમય આપ પોતાના લેપટોપને બંધ કરીને સામાજિક કાર્યક્રમમાં સામેલ થઈ શકો છો. કારણ કે મોનિટરિંગ કરનાર કોઈ વ્યક્તિ નથી. વર્ક ફ્રોમ હોમ માટે કેટલાક વિકલ્પ હોય તે જરૂરી છે. આના માટે ઈન્ટરનેટ કનેક્શન જોરદાર રહે તે જરૂરી છે. કેટલીક વખત એવુ બને છે કે જ્યારે આપને કોઈ મહત્વપૂર્ણ ફાઈલ નાંખવાની હોય છે ત્યારે ઈન્ટરનેટ બંધ થઈ જાય છે. આવી સ્થિતીમાં આપને ખુબ જ ટેન્શન હોઈ શકે છે. આવી સ્થિતી કેટલીક વખત સામે આવે છે. આવી સ્થિતીને ખુબ સાવધાનીપૂર્વક હાથ ધરવામાં આવે તે જરૂરી છે. ઘરથી કામ કરવાની બાબત કેટલીક જટિલ સ્થિતી સર્જી શકે છે. વર્ક લાઈફ બેલેન્સ કરવાની બાબત મુશ્કેલરૂપ બની જાય છે. ઘરમાં સમયને લઈને કોઈ ટેન્શન હોતી નથી. જે યોગ્ય નથી. આના કારણે કેટલાક વધારે કલાક સુધી પણ કામ થઈ જાય છે. વર્ક લાઈફ બેલેન્સ રહે તે જરૂરી છે. આધુનિક સમયમાં મોટા ભાગના લોકો જુદા જુદા કામ ઘરેથી કરે છે. જેમાં કોમ્પ્યુટર અને લેપટોપની ખાસ ભૂમિકા રહે છે. આવી સ્થિતીમાં શાનદાર ઈન્ટરનેટ કનેક્શનની ભૂમિકા ઉપયોગી હોય છે. હાલમાં વિવિધ ફિલ્ડમાં ફિલાન્સની ભૂમિકા વધી રહી છે. તેમાં પૈસા પણ વધારે મળી રહ્યા છે. જો કે કેટલાક લોકો કંપનીના નિયમિત કર્મચારી હોવા છતાં વર્ક ફ્રોમ હોમ પોલીસી હેઠળ કામ કરે છે.



આજકાલ

લેખક : દીપક જગતાપ

### શ્રદ્ધા કે અંધશ્રદ્ધા ? શ્રદ્ધા પૂર્વક કરાતા શ્રાદ્ધ કર્મનું ઔચિત્ય કેટલું ?

**ખરેખર તો પિતૃઓના આત્માને શાંતિ મળે એ માટે આપણે બધી જે પણ કોઈ વિધિ કરીએ છીએ એ ખરેખર પિતૃઓ સુધી પહોંચે છે કે નહીં કોઈ જાણતું નથી છતાં આપણે આદિ કાલથી ચાલી આવતી પરંપરાનેનીભવતા આવ્યા છીએ**

# મૃત્યુ પછી કરાતા કર્મ કરતા જીવતા જીવતા એમની ઈચ્છાઓ પુરી કરીએ સાચું તર્પણ કહેવાશે

**વડીલોનો પ્રેમ,આશીર્વાદ મેળવીએ આદરભાવ રાખીએતો શ્રાદ્ધ કર્મ કરવાની કોઈ જરૂર નહીં પડે એમના આશીર્વાદ સદા વરસતા જ રહેશે મૃત્યુ પછી કરાતા કર્મ કરતા જીવતા જીવતા એમની ઈચ્છાઓ પુરી કરીએ સાચું તર્પણ કહેવાશે**

ભાદરવામાં ૧૫ દિવસ શ્રાદ્ધ પક્ષના આવે છે. ખરેખર ત્યારે ભાદરવો મહિનો શરૂ થતો હોય છે. આ ભાદરવામાં ભારે તાપ કુદરત જ પાડે છે એની પાછળનું ઋતુચક્રનું વિજ્ઞાન એ હોય છે કે ચોમાસામાં સતત ભારે વરસાદમાં બધું સડી ગયું હોય, મચ્છર, જીવાતનું પ્રમાણ વધી જાય છે ત્યારે કુદરત એટલો કડક તાપ આપે છે કે બધુ સુકાઈ જાય અને રોગચાળો ઉત્પન્ન કરતા જીવ જંતુઓ મરી જાય અને પ્રકૃતિ ફરી એક વાર શુદ્ધ બની જાય. કુદરતના આ નિયમની વાત આપણા સૌને ગળે ઉતરે છે. પણ

શ્રાદ્ધપક્ષમાં કાગડાઓ પિતૃ બનીને ભાવતા ભોજન આરોગવા પૃથ્વી પર આવે છે.આજે આપણને કાગડાઓમાં પિતૃઓના દર્શન થાય છે!અને તેપણ પિતૃ સ્વરૂપે દેખાતા કાગડાઓ માત્ર શ્રાદ્ધપક્ષના ૧૫ દિવસમાં જ પિતૃઓ બનીને આવે છે એ વાત ગળે ઉતરતી નથી. જરાં કલ્પના કરીએ કે દીકરાએ કદી બાપની સેવા જ કરી નથી, બાપને ઘરડા ઘરમાં છોડી આવ્યા હોય, બાપની મિલકત પચાવી પાડી હોય. છેલ્લી ઉંમરે ઘડપણમાં માં બાપની સેવા કરી ના હોય એવા પિતૃઓ શું શ્રાદ્ધ પક્ષમા પરિવારજનોને શું ખરેખર આશીર્વાદ આપવા આવતા હશે ? એ લાખ રુપિયાનો સવાલ છે.

બીજો એક સવાલ એ પણ સૌને થાય છે કે આપણા પિતૃઓ શ્રાદ્ધ પક્ષમા કોઈ પણ સ્વરૂપે આપણી સમક્ષ હાજર થાય છે અને આપણી સેવા અને ભોજન સ્વીકારે છે. આપણને સુખ અને સમૃદ્ધિના શુભાષિશ પણ આપે છે.શું એ સાચું હોય છે? સવાલ એ પણ ઉપસ્થિત થાય છે કે શ્રાદ્ધ પક્ષમા જ પિતૃઓને પૃથ્વીપર હાજર થવાનો આદેશ સ્વર્ગમાંથી થતો હશે? બાકીના સમયમાં પિતૃઓને મળવાની ઈચ્છાનહીં થતી હોય!



મેં હમણાં જ સોસીયલ મીડિયામાં ક્યાંય વાંચ્યું હતું. કોણે લખ્યું એ ખબર નથી પણ એમની વાત મને પણ સ્પર્શી ગઈ. એમણે શ્રાદ્ધ પક્ષમાં થતી પિતૃતર્પણ વિધિ પર જે કટાક્ષ કર્યો તે ખરેખર વિચારવા જેવું છે.

શું આ વાત સાચી નથી લાગતી કે મૃત્યુ પછીની વિધી નહીં કરીએ તો પિતૃ નડશે એવા ભયના લીધે પિતાને મર્યા પછી કાગડો બનાવી વરસમાં એકવાર પુરી ને ખીર ખાવા નોંતરે. ક્યારેય વિચાર્યું છે જો આ વાત સાચી હોત તો ભારત સિવાયના તમામ દેશોમાં ક્રોધીત પિતૃઓ એ કેવું તાંડવ મચાવ્યુ હોત અને ગલીએ ગલીએ ને વૃક્ષે વૃક્ષે ભૂતપ્રેત બેઠા હોય એટલા પિતૃઓ ફરતા હોત. કેમકે ત્યાં તો આવી કોઈ વિધી થતી જ નથી. અરે ભારતમાં પણ જૈનો આ માન્યતા નથી રાખતા. જો મરણોત્તર વિધીના અભાવે બધા પ્રેતાત્મા બની જતા હોત તો આ દુનિયામાં માણસો કરતા ભુત પ્રેતની સંખ્યા વધુ હોત. કોઈપણ સ્વરૂપે આપણી સમક્ષ હાજર થાય છે અને આપણી સેવા અને ભોજન સ્વીકારે છે. આપણને સુખ અને સમૃદ્ધિના શુભાષિશ પણ આપે છે.આ વિધિ આપણા અને બીજા ગણ્યા ગાંઠ્યા દેશોમાં જ થાય છે આગળ પડતા દેશોમાં આવી કોઈ વિધિ થતી નથી. ત્યારે એ દેશોના પિતૃઓને કયા કાગડાઓ આશીર્વાદ આપવા આવતા હશે? અરે એવા દેશોમાં કાગડાઓ જોવા જ નથી મળતાં.તો આશીર્વાદ કોણ આપશે? આનો કોઈની પાસે જવાબ છે ખરો.? શાસ્ત્રોમાં કહ્યું છે તે મુજબ શ્રાદ્ધનો અર્થ એ છે કે તમારા પિતૃઓને આદરપૂર્વક સેવા અને દાન કરીને પ્રસન્ન કરવું. હિન્દુ શાસ્ત્રો અનુસાર, કોઈના પણ જીવનની પરિપૂર્ણતા અને પ્રગતિ માટે આદર સાથે કરવામાં આવેલા શુભ કાર્યો, લેવાતા શુભ નિર્ણયો અને મેળવાયેલ સારી તકોમાં જેણે તેમના કુટુંબના લોકો આ જીવન છોડીને પરલોક સિધાવ્યા છે તેમના સંતુષ્ટિને માટે કરવામાં આવતી પૂજાવિધિને શ્રાદ્ધ કહેવામાં આવે છે. એવું માનવામાં આવે છે કે મૃત્યુના દેવ યમરાજા શ્રાદ્ધ પક્ષ ઉપર પ્રાણીઓને મુક્ત કરે છે, જેથી તેઓ જે તે વ્યક્તિઓના સગાસંબંધીઓ પાસે જઈ શકે અને સ્વજનો દ્વારા કરેલા તર્પણ કર્મનો સ્વીકાર કરી શકે.

સવાલ અહીં ઉભો થાય છે કે મૃત્યુના દેવ યમરાજા શ્રાદ્ધ પક્ષ ઉપર પ્રાણીઓને મુક્ત કરે છે એ વાત માં કેટલું તથ્ય હોઈ શકે? મહત્વનો સવાલ તો એ છે કે યમરાજા જેવું કોઈ પાત્ર સ્વર્ગ માં કે નર્ક માં હોય છે ખરું? અરે સ્વર્ગ, નર્ક જેવી દુનિયા છે પણ ખરી? કોઈકે સ્વર્ગ કે નર્ક જોયું છે ખરું? તો પૃથ્વી પર આવતા પિતૃઓ સ્વર્ગ નર્કમાં એમની સ્થિતિ વિશે કોઈ માહિતી કોઈને આપતાં કેમ નથી? વધુમાં આ શ્રાદ્ધ મૃત્યુની તિથિ તારીખે થતું હોય છે ત્યારે સવાલ એ પણ થાય છે કે મૃત્યુ પામેલા દરેક પિતૃઓને પોતાની મૃત્યુ તિથિ શું યાદ હોતી હશે?

વધુમાં પિતૃપક્ષમાં શ્રાદ્ધ કરવાથી પૂર્વજો પ્રસન્ન થાય છે. શ્રાદ્ધમાં, પિતૃઓને આશા રહે છે કે અમારો પુત્ર-પૌત્ર પિંડદાન કરે અને તર્પણ પ્રદાન કરશે. આ આશામાં, તેઓ આ તિથિ દરમિયાન પરલોકથી પૃથ્વીલોક આવે છે.અહીં સવાલ એ થાય છે કે પૃથ્વી પરથી થતું શ્રાદ્ધ કર્મ, કે પિતૃ તર્પણ પિતૃઓ સુધી પહોચે છે ખરું? ક્યારેય કોઈએ જોયું કે સાંભળ્યું છે કે શ્રાદ્ધ કર્મ, કે પિતૃ તર્પણ પિતૃઓ સુધી પહોંચ્યું હોય?

એવું પણ માનવામાં આવે છે કે આપણાં પૂર્વજોને દૂધ, દહીં, ઘી અને ખીર જેવા મિષ્ઠાન્નથી બનેલું ભોજન ગમે છે.શું દરેક પિતૃઓને ખીર ભાવતું હશે? જેમણે ક્યારેય ખીર ખાધી નથી તો પણ પિતૃઓ કેવી રીતે સંતુષ્ઠ થતાં હશે? એ લાખ રૂપિયાનો સવાલ છે. ધર્મશાસ્ત્રમાં કહેવાયું છે કે જે કોઈ ગૃહસ્થ વ્યક્તિ પોતાના પૂર્વજોને શ્રાદ્ધપક્ષમાં ધાર્મિક ક્રિયાઓ કરે છે તે દીર્ઘાયુષ્ય પ્રાપ્ત કરે છે. તે પરિવારને તમામ પ્રકારની સમૃદ્ધિ અને સૌભાગ્ય પિતૃઓની કૃપાથી પ્રાપ્ત થાય છે.જો આ વાત સાચી હોત તો કોરોનાકાળમાં અસંખ્ય લોકોજેમણે કોરોનામાં પોતાના પિતૃઓ માટે શ્રાદ્ધ કર્મ કર્યું છતાં અસંખ્ય લોકો કોરોનામાં મોતને ભેટ્યા પણ દીર્ઘાયુ પ્રાપ્ત કેમ ન કરી શક્યા?એ સવાલનો જવાબ કોણ આપશે? કહેવાનો મતલબ આપણે હવે આ ચક્રોમાંથી બહાર આવવાની જરૂર નથી લાગતી? ખરેખર તો પિતૃઓના આત્માને શાંતિ મળે એ માટે આપણે બધી જે પણ કોઈ વિધિ કરીએ છીએ એ ખરેખર પિતૃ ઓ સુધી પહોંચે છે કે નહીં કોઈ જાણતું નથી છતાં આપણે આદિ કાલથી ચાલી આવતી પરંપરાને નીભવતા આવ્યા છીએ.



### લોકો-કંપનીઓને હેકિંગથી બચાવવા ઇચ્છુક લોકો આગળ વધી શકે...

**એથિકલ હેકર્સ બનવાની બાબત સરળ નથી હેકિંગ જેવા સંવેદનશીલ બિઝનેસમાં આપને માનસિક રીતે ખુબ શાર્પ રહેવાની જરૂર હોય છે સાથે પેશન્ટ રહેવાની પણ જરૂર હોય છે આપમાં લોજિસ્ટિક્સ પાવર, ક્રિએટીવિટી તેમજ પ્રોબ્લમ એનાલીસીસ કેપિસીટી ચોક્કસપણે હોવી જોઇએ**

# એથિકલ હેકિંગમાં શાનદાર કેરિયર છે

**વર્તમાન દોરમાં ઇન્ટરનેટની મદદથી કેટલાક લોકો નાણાંકીય ગેરરિતી આચરવામાં લાગેલા છે : પ્રોફેશનલ એથિકલ હેકર બની શકાય છે**

વર્તમાન દોરમાં ઈન્ટરનેટની મદદથી કેટલાક વિશ્વાસઘાતી લોકો નાણાંકીય ગેરરિતી આચરવામાં લાગેલા છે. તેમનાથી સાવધાન રહેવાની જરૂર છે. જો તમે લોકો અને કંપનીઓને હેકિંગથી બચાવવા માટે ઈચ્છુક છો તો તમે પ્રોફેશનલ એથિકલ હેકર બની શકો છો. હાલના સમયમાં દુનિયાના દેશો અને ભારતમાં પણ બેંકોમાં ગ્રાહકોના ખાતામાંથી ગેરકાનુની રીતે લેવડદેવડની સાથે ક્રેડિટ કાર્ડ, ડેબિટ કાર્ડ, તેમજ એટીએમ કાર્ડને હેક કરવાની ઘટનાઓ રોકેટ ગતિથી વધી રહી છે.



ઈન્ટરનેટના માધ્યમથી આ પ્રકારની ગેરકાયદે છેચરપિંડી વધી રહી છે. સાથે સાથે મહત્વપૂર્ણ અને સંવેદનશીલ ડેટા ચોરી કરી લેવાની ઘટનાઓ પણ વધી રહી છે. મહત્વપૂર્ણ અને સંવેદનશીલ ડેટાની ચોરી કરવાની ગેરકાનુની પ્રવૃતિને જ હેકિંગ કહેવામાં આવે છે. આવી અપરાધિક ઘટનાને અંજામ આપવા માટે સાઈબર ક્રિમિનલ્સને હેકર્સ તરીકે ગણવામાં આવે છે. ખોટા અને ગેરકાનુની ગતિવિધીમાં સંડોવાયેલા હેકર્સની સાથે સાથે એથિકલ હેકર્સ પણ હોય છે. જે કંપનીઓની સિસ્ટમને સુરક્ષિત રાખવા માટે કેટલાક તોર તરીકા અંગે માહિતી ધરાવે છે. તેમના સંવેદનશીલ ડેટાને જાળવી રાખવામાં તેમની ભૂમિકા રહેલી હોય છે. સોફટવેયર એક કોમ્પ્યુટરના બ્રેન તરીકે હોય છે. આ કોઈ પણ કોમ્પ્યુટરના તમામ ફંક્શનને ઓપરેટ કરે છે.

સોફ્ટવેર્સ ફ્રી પણ હોય છે. સાથે સાથે ડ્યુટી સાથે પણ આવે છે. હવે તો કેટલાક સોફ્ટવેરને ઈન્ટરનેટ મારફતે કોમ્પ્યુટર પર ડાઉનલોડ કરીને ઈન્સ્ટોલ કરવામાં આવી શકે છે. માનવની જેમ જ કોમ્પ્યુટરની પણ એક ખાસ ભાષા હોય છે. જેને તે સમજી શકે છે. કોમ્પ્યુટરની ભાષા બાઈનરી સિસ્ટમ પર આધારિત હોય છે. જે હેઠળ તે માત્ર માત્ર જીરો અને એકના નંબરમાં લખેલી ભાષાને જ સમજે છે. સી, સી પ્લસ પ્લસ, જાવા,, એસક્યુએલ, રબી, જાવા સ્ક્રિપ્ટ, પીએચપી પાઈથન, સી શાર્પ જેવા શબ્દો પ્રોગ્રામિંગ લેંગવેજ છે. હેકિંગ વેબસાઈટસમાં અભ્યાસ કરવામાં આવે છે. હેકિંગ સાથે જોડાયેલી વેબસાઈટ્સ પર વિશાલ પ્રમાણમાં હેકિંગ આર્ટસ અને ટ્રિક્સ પર મહત્વપૂર્ણ ટિપ્સ હોય છે. આ સામગ્રીમાં અભ્યાસ કરીને હેકિંગના સંબંધમાં વધારે માહિતી મેળવી શકાય છે. ટોપ લેવલની હેકિંગ વેબસાઈટ્સમાં હેક અ, ડે, હેક ઈનધ બોક્સ, અમેઝિગ હેકિગં ટ્રિક્સ ડોટ કોમ, હેક દિસ સાઈટ, હાર્ડ ટુ હેક ડોટ ઈન જેવા નામ લઈ શકાય છે. નેટવર્કિંગમાં હાર્ડવેયર અને સોફ્ટવેરના કોમ્બિનેશન હોય છે. નેટવર્કિંગના કામ કરવાની ટેકનિકથી લઈને તેના ટુલ્સના સંબંધમાં પરફેક્ટ માહિતી હોવી જોઈએ. નેટવર્કિંગના બેસિક્સના સંબંધમાં અપડેટ રહેવાની જરૂર હોય છે.

આઈપી એડ્રેસ, પોર્ટ, પ્રોટોકોલ જેવા નેટવર્કિંગ ટુલ્સના સંબંધમાં પણ અભ્યાસ કરવાની જરૂર હોય છે. એક પ્રોફેશનલ હેકરને સોફ્ટવેરના જ્ઞાનની સાથે સાથે સોફ્ટવેર ક્રિએશનની માહિતી હોય તે પણ ખુબ જરૂરી છે. આ તમામ માહિતી ખુબ ઝીણવટભરી રીતે હોવી જોઈએ. સોફ્ટવેર ક્રિએટ કરનાર એક્સપર્ટને પ્રોગ્રામર અથવા તો કોડર કહેવામાં આવે છે. વેબ ડિઝાઈનિંગના આર્ટના જ્ઞાનને પણ હેકિંગના એક મહત્વપૂર્ણ ટુલ્સ તરીકે ગણવામાં આવે છે. જેથી આને પણ ક્યારેય નજરઅંદાજ કરવાના પ્રયાસ કરવા જોઈએ નહીં. એક એથિકલ હેકરને કોમ્પ્યુટરમાં હાર્ડવેયર બેઝિક્સના રૂપમાં ટ્રાન્જિસ્ટર્સ, મધરબોર્ડ, પ્રોસેસર્સ, હાર્ડવેયર, સોફ્ટવેર, રેમ મેમોરી કેપિસીટી, પ્રોગ્રામિંગ, ઓપરેટિંગ સિસ્ટમ, નેટવર્ક, કોમ્પ્યુટર ડિસ્ક સ્ટોરેજ, ઈનપુટ-આઉટપુટની માહિતી પણ પુરતા પ્રમાણમાં રહે તે જરૂરી છે. ઓપરેટિંગ સિસ્ટમની માહિતી હોવી પણ સૌથી ઉપયોગી બાબત છે. ઓપરેટિંગ સિસ્ટમના લેટેસ્ટ વર્જનામાં કાલી લિક્સ એડવાન્સ્ડ છે.

જેનો ઉપયોગ હેકર વધારે પ્રમાણમાં કરે છે. ઓપરેટિંગ સિસ્ટમના લેટેસ્ટ વર્જનમાં ઉબન્તુ, મેક ઓએસ, ફેડોરા, સેન્ટ ઓએસના નામ હોય છે. એથિકલ હેકર્સ બનવાની બાબત સરળ નથી. હેકિંગ જેવા સંવેદનશીલ બિઝનેસમાં આપને માનસિક રીતે ખુબ શાર્પ રહેવાની જરૂર હોય છે. સાથે પેશન્ટ રહેવાની પણ જરૂર હોય છે. આપમાં લોજિસ્ટિક્સ પાવર, ક્રિએટીવિટી તેમજ પ્રોબ્લમ એનાલીસીસ કેપિસીટી ચોક્કસપણે હોવી જોઈએ. જો તમારી ઈચ્છા એતિકલ હેકર્સ બનવાની છે તો જ તેમાં સફળતા હાંસલ કરી શકાય છે. હેકિગંના પ્રોફેશનમાં રસ ધરવનાર વ્યક્તિને લેટેસ્ટ ટેકનોલોજી પર ધ્યાન રાખીને તે અંગે માહિતી હાંસલ કરવી પડશે.

# આંખની સ્કીનની દૃષ્ટિએ હાર્શ કેમિકલ્સ હોય છે

**સ્કીન કેયરની કેટલીક ખાસ પ્રક્રિયા અપનાવવાની જરૂર પડે છે : સંસ્ક્રીનનો ઉપયોગ કરવાની જરૂર : નિષ્ણાંતોની સલાહ લઇ શકાય છે**

આંખ આપના વ્યક્તિત્વનના અરિસા સમાન હોય છે. આના કારણે તેની કાળજી રાખવામાં આવે તે ખુબ જરૂરી છે. યોગ્ય કાળજી લેવા માટે કેટલીક બાબતોને ધ્યાનમાં રાખવામાં આવે તે જરૂરી છે. કારણ કે આંખની આસપાસની સ્કીન ખુબ જ પાતળી, નાજુક અને સંવેદનશીલ હોય છે. કોઈ પણ બેદરકારી આંખને નુકસાન કરી શકે છે. જેથી પ્રયોગ કરવાની બાબત બિલકુલ યોગ્ય નથી. આવી સ્થિતીમાં આંખની નીચે સોજા, ડાર્ક સર્કલ્સ અને સ્કીન ખરાબ થવાથી બચવા માટે સ્કીન કેયરન કેટલીક પ્રક્રિયાને અપનાવવાની જરૂર હોય છે. આની સાથે જોડાયેલી ટિપ્સ પર આજે અમે વાત કરી રહ્યા છીએ. જો તમે પોતાની આંખની આસપાસની સ્કીન માટે અલગ અલગ પ્રોડક્ટસનો ઉપયોગ કરવા માંગો છો તો કેટલીક ખાસ પેદાશની પસંદગી કરવી પડશે.

જે માત્ર આંખ માટે જ બન્યા છે. જેથી જે પેદાશોમાં હેલોક્સિલ, પેપટાઈડસ, નિકોટિનિક એસિડ અને, કેફિન, સેરેમાઈડ્સ, રેટિનોલ અને મોઈશચર રાઈઝ રહે તેવી પેદાશની જ પસંદગી કરવી જોઈએ. આ પેદાશ રંગમાં ફેરફાર, નાની અને સુક્ષ્મ રેખાઓ અને પફીનેસની સામે લડવામાં સહાયક હોય છે. ઓયલયુક્ત પદાર્થોના ઉપયોગથી બચવા માટે કેટલાક પ્રયાસો કરવા જોઈએ. કારણ કે તે આંખની આસપાસ રહેલા ગ્લૈડ્સને અસર કરે છે. જેથી આંખ ફુલી ગયેલી નજરે પડે છે.

આઈબ્રોની વેક્સિન આપની આંખની ત્વચાની ઉપરની સપાટીને ખરાબ કરી શકે છે. વેક્સિગ પસંદ કરનાર મહિલાઓને આ સાંભળીને આશ્ચર્ય થશે પરંતુ વેક્સિગથી સારી ચીજ આઈબ્રોજ છે. જો મહિલાઓને વેક્સિગ યોગ્ય લાગે છે તો ચોક્કસ પ્રયોગ કરે પરંતુ બ્યુટિશિયન આને નરમ રીતે કરે તે ધ્યાન રાખવા જેવી બાબત છે. તમામ લોકોને આ બાબતને ધ્યાનમાં રાખવાની જરૂર છે કે આંખની બહાર રહેલી સ્કીન અમારા ચહેરાની સ્કીન કરતા છથી ૧૦ ગણી પાતળી હોય છે. જેથી તેની કાળજી પૂર્ણ સોમ્યરીતે કરવામાં આવે તે જરૂરી છે. કારણ કે જોરથી ઘસવાની સ્થિતીમાં નુકસાન થઈ શકે છે. આના કારણે સ્કીનને નુકસાન થાય છે. લાંબા ગાળા સ્કીન ખરાબ થઈ જાય છે. આંખની સ્કીનને પણ સુર્યપ્રકાશથી નુકસાન થાય છે. જેથી તેનાથી બચવા માટેના પ્રયાસ પણ કરવા જોઈએ. ઉચ્ચ સ્તરની સુરક્ષા આપનાર આઈક્રીમનો ઉપયોગ કરી શકાય છે. જેથી સમય પહેલા એજિંગ અને સુર્ય પ્રકાશથી બચી શકાય છે.

નાજુક અને પાતળી સ્કીન આંખની આસપાસ હોવાના કારણે તેની કાળજી ખાસ રીતે લેવામાં આવે તે જરૂરી છે. ફેશિયલ કેયર પ્રોડક્ટસનો ઉપયોગ આંખની નીચે કરવામાં ન આવે તે જરૂરી છે. તેમાં આંખની સ્કીનની દ્રષ્ટિએ હાર્શ કેમિકલ્સ હોય છે. ફેશવોસ પણ આ એરિયાને નુકસાન કરી શકે છે. કારણ કે સ્કીન પર ધુળ અને ઓઈલને સાફ કરવા માટે તેમાં સુક્ષમ કણો રહેલા હોય છે. આ કણ આંખની સ્કીનને નુકસાન પહોચાડે છે. તમામ ટિપ્સ મહિલાઓ માટે ખુબ ઉપયોગી છે. બીજી બાજુ તમામ પ્રકારની સ્કીન સમસ્યાથી દુર થવાની ઈચ્છા ધરાવનારને તો માલિશ પર ધ્યાન આપવાની જરૂર છે. ચહેરા પર નિયમિત માલિશ કરવાની સ્થિતીમાં સીધો ફાયદો થાય છે. આના કારણે લોહીના સર્ક્યુલેશનમાં ગતિ તેજ થાય છે જેથી ડાર્ક સર્કલ્સ દુર થવામાં મદદ મળે છે. સ્કીનને રિફ્રેશ અને ચમકદાર બનાવી દેવા માટે માસ્ક અને પેડ્સ સારા વિકલ્પ તરીકે છે. નાજુક અને પાતળી સ્કીનને આરામ પહોંચાડી દેવા માટે મોઈશચરાઈઝ કરવા અને અન્ય વિકલ્પ ઉપયોગી બને છે. તમામ નિષ્ણાંતો કહે છે કે સુન્દર આંખ આપની ખુબસુરતીમાં ચાર ચાદ લગાવી દે છે જેથી આંખની ખુબસુરતી તો જાળવી રાખવામાં આવે તે જરૂરી છે. આધુનિક સમયમાં નવી પેઢીની યુવતિઓ આંખની કાળજી રાખવામાં બેદરકારી રાખે છે. જુદા જુદ કલરનો ઉપયોગ આંખ પર કરે છે. આ તમામ બાબતો નુકસાનકારક સાબિત થઈ શકે છે. આવી સ્થિતીમાં આંખની કાળજી ગંભીરતા સાથે રાખવામાં આવે તે જરૂરી છે. આના માટે આડેધડ પ્રયોગ કરવાના બદલે નિષ્ણાંતો અને તબીબોની સલાહ લેવામાં પણ કઈ ખોટુ નથી. કારણ કે તે યોગ્ય માર્ગદર્શન આપી શકે છે.





Cyber Octet™

CYBER SECURITY AND ETHICAL HACKING TRAINING IN AHMEDABAD

BECOME A CYBER SECURITY SPECIALIST WITH FALGUN RATHOD

Learn Ethical Hacking & Cyber Security

WHY JOIN CYBER OCTET ?

- LEARN MORE THAN 120 TOPICS UNDER ONE ROOF AT #CYBEROCTET
- TASK AND RESEARCH BASED TRAINING
- 100 % PLACEMENT ASSISTANCE
- LIVE PROJECTS
- INTERNATIONAL ACCREDIATION

TRAINING BY:- THE MOST EXPERIENCED TRAINER "MR.FALGUN RATHOD" LISTED IN INDIA'S TOP 10 ETHICAL HACKERS AND CYBER SECURITY EXPERT

ADVANCED DIPLOMA IN ETHICAL HACKING AND CYBER SECURITY (1 YEAR)

WHO CAN JOIN

STUDENTS | WORKING PROFESSIONALS | BUSINESS OWNERS

Contact Now

C-709,Titanium City Center, Prahladnagar road, Ahmedabad

91 7405321234

info@cyberoctet.com

www.cyberoctet.com




# કાશી વિષ્ણનાથ મંદિરમાં ૧.૫ કરોડ ભક્તોએ ૭ કરોડનો પ્રસાદ ચડાવ્યો

। લખનૌ, તા.૧૩ ।

ઉત્તર પ્રદેશના શ્રી કાશી વિશ્વનાથ મંદિરમાં હંમેશા ભક્તોની ભારે ભીડ રહે છે. લાખો ભક્તો દર્શન માટે આવે છે, પરંતુ પોષ પૂર્ણિમાથી માઘ પૂર્ણિમા સુધી ભક્તોએ રેકોર્ડ બનાવ્યો. આ સમયગાળા દરમિયાન, દોઢ કરોડ ભક્તોએ શ્રી કાશી વિશ્વનાથ મંદિરની મુલાકાત લીધી. મંદિરની હુંડીમાં ૭ કરોડ રૂપિયાથી વધુનું દાન મળ્યું હતું. કાશી વિશ્વનાથ મંદિરના ઈતિહાસમાં મંદિરમાં સૌથી વધુ ભક્તોના દર્શનનો આ એક નવો રેકોર્ડ છે.એક મહિનામાં, એટલે કે પોષ પૂર્ણિમાથી માઘ પૂર્ણિમા સુધી, ૧.૫ કરોડથી વધુ ભક્તોએ બાબા વિશ્વનાથના દર્શન કર્યા. શ્રી કાશી વિશ્વનાથ મંદિરના સીઈઓ વિશ્વ ભૂષણ મિશ્રાએ જણાવ્યું હતું કે મહાકુંભ વિસ્તારમાંથી ભક્તો પાંચ સ્નાન માટે આવ્યા હતા જેમાં વિપરીત પ્રવાહ અને ત્રણ અમૃત સ્નાનનો સમાવેશ થાય છે. ભક્તોએ એક નવો રેકોર્ડ બનાવ્યો છે. આ મહિનો એવો હતો જ્યાં કોઈ પણ મહિનામાં સૌથી વધુ ભક્તો આવ્યા હતા.એક મહિનામાં લગભગ ૧ કરોડ ૬૦ લાખ ભક્તોએ મંદિરની મુલાકાત લીધી છે. અગાઉ, શ્રી કાશી વિશ્વનાથ મંદિર કોરિડોરના નિર્માણ પછી, એક મહિનામાં લગભગ ૧.૨૫ કરોડ લોકોએ મંદિરની મુલાકાત લીધી હતી. આ એક મહિનામાં તે રેકોર્ડ તૂટી ગયો અને એક નવો રેકોર્ડ બન્યો છે. ફક્ત માઘ પૂર્ણિમાએ જ સાત લાખથી વધુ ભક્તોએ પવિત્ર ડૂબકી લગાવી.

### નાણામંત્રીએ સંસદમાં નવું આવકવેરા બિલ રજૂ કર્યું

# વક્ફ (સુધારા) બિલ ઉપર વિચારણા કરતી જેપીસીનો અહેવાલ લોકસભા અને રાજ્યસભામાં રજૂ કરવામાં આવ્યો

**સંસદનું બજેટ સત્ર ૩૧ જાન્યુઆરીથી શરૂ થયું હતું. આજની કાર્યવાહી સ્થગિત થવાની સાથે, બજેટ સત્રનો પહેલો ભાગ પૂર્ણ થયો । હવે બીજો તબક્કો ૧૦ માર્ચથી શરૂ થશે, જે ૪ એપ્રિલના રોજ સમાપ્ત થશે**

। નવીદિલ્હી, તા.૧૩ ।

વક્ફ (સુધારા) બિલ પર વિચારણા કરતી જેપીસીનો અહેવાલ ગુરુવારે લોકસભા અને રાજ્યસભામાં રજૂ કરવામાં આવ્યો હતો. આ સમય દરમિયાન, વિપક્ષી સભ્યોએ ભારે હોબાળો મચાવ્યો. જેપીસીના અધ્યક્ષ જગદંબિકા પાલે લોકસભામાં રિપોર્ટ રજૂ કર્યો. તે જ સમયે, વિરોધ પક્ષોનો આરોપ છે કે તેમની અસંમતિને રિપ ોર્ટમાં સામેલ કરવામાં આવી નથી.




સંસદમાં બજેટ સત્રના પ્રથમ તબક્કાના છેલ્લા દિવસે, વક્ફ બિલ પર જેપીસી રિપોર્ટ પર ભારે હોબાળો થયો. વક્ફ સુધારા બિલ પર જેપીસી રિપોર્ટ પહેલા રાજ્યસભામાં અને પછી લોકસભામાં રજૂ કરવામાં આવ્યો હતો. સંસદનું બજેટ સત્ર ૩૧ જાન્યુઆરીથી શરૂ થયું હતું. આજની કાર્યવાહી સ્થગિત થવાની સાથે, બજેટ સત્રનો પહેલો ભાગ પૂર્ણ થયો છે. હવે બીજો તબક્કો ૧૦ માર્ચથી શરૂ થશે, જે ૪ એપ્રિલના રોજ સમાપ્ત થશે. આ સમયગાળા દરમિયાન, વક્ફ બોર્ડ બિલ અને નવા આવકવેરા બિલને મંજૂરી મળી શકે છે.

ભાજપના સાંસદ મેધા કુલકર્ણીએ રાજ્યસભામાં આ અહેવાલ રજૂ કર્યો. જોકે, આ પછી તરત જ વિપક્ષી સાંસદોએ સૂત્રોચ્ચાર શરૂ કરી દીધા. આ કારણે ગૃહની કાર્યવાહી બંધ કરવી પડી. સંસદમાં નવું આવકવેરા બિલ પણ રજૂ કરવામાં આવ્યું. બંને બિલ રજૂ થતાં જ વિપક્ષે સૂત્રોચ્ચાર શરૂ કરી દીધા. આ પછી ગૃહને ૧૦ માર્ચ સુધી સ્થગિત કરવામાં આવ્યું. વક્ફ સુધારા બિલ સંસદમાં રજૂ થઈ ચૂક્યું છે. જોકે, વિપક્ષના ભારે વિરોધ વચ્ચે, તેને જેપીસીમાં મોકલવામાં આવ્યું. હવે જેપ ીસી રિપોર્ટ ગૃહમાં રજૂ કરવામાં આવ્યો. જોકે,જેપીસીમાં વિપક્ષી સાંસદોએ આરોપ લગાવ્યો કે સમિતિએ તેમનું સાંભળ્યું નથી. આવી સ્થિતિમાં આ મુદ્દા પર ફરી હોબાળો થયો.આ બિલને લઈને લોકસભામાં ભારે હોબાળો થયો અને વિપક્ષે ગૃહમાંથી વોકઆઉટ કર્યું. આ અહેવાલ ગૃહમાં હોબાળા વચ્ચે રજૂ કરવામાં આવ્યો હતો.વિપક્ષના હોબાળા પર અમિત શાહે કહ્યું કે અમારી પાર્ટીને આ રિપોર્ટ સામે કોઈ વાંધો નથી. વિપ ક્ષે જેપીસી રિપોર્ટ પર પોતાનો વાંધો નોંધાવવો જોઈએ.

લોકસભાની કાર્યવાહી ૧૦ માર્ચના રોજ સવારે ૧૧ વાગ્યા સુધી સ્થગિત કરવામાં આવી છે. લોકસભામાં અગાઉ, સાંસદ જગદંબિકા પાલે ગૃહમાં વક્ફ બોર્ડ બિલ પર જેપીસી રિપોર્ટ રજૂ કર્યો હતો અને નાણામંત્રી નિર્મલા સીતારમણે ગૃહમાં નવો આવકવેરા કાયદો રજૂ કર્યો હતો. હવે બજેટ સત્રનો બીજો તબક્કો ૧૦ માર્ચથી શરૂ થશે.

## કોંગ્રેસ સાથે હોત તો પણ કેજરીવાલ જીત્યા ન હોત : સંદીપ દીક્ષિત

। નવીદિલ્હી, તા.૧૩ ।

દિલ્હીમાં કોંગ્રેસના નેતા સંદીપ દીક્ષિતે કહ્યું કે દિલ્હીના લોકોએ કોઈને હરાવ્યા નથી, પરંતુ તેમણે અરવિંદ કેજરીવાલને મુખ્યમંત્રી પદ પરથી હટાવ્યા છે. જો આપણે (આપ અને કોંગ્રેસ) સાથે મળીને ચૂંટણી લડ્યા હોત તો પરિણામો વધુ ખરાબ હોત. દિલ્હીના લોકોએ અરવિંદ કેજરીવાલને હટાવવાનો નિર્ણય લીધો હતો. જો ૧૦ પક્ષો તેમની સાથે હોત, તો પણ તેઓ ચૂંટણીમાં ખરાબ રીતે હારી ગયા હોત. કારણ કે અરવિંદ કેજરીવાલની હાર નિશ્ચિત હતી.તેમણે કહ્યું કે જો આમ આદમી પાર્ટીને ચૂંટણી જીતવી હોત, તો તેઓ છેલ્લા ત્રણ વર્ષમાં જે દુષ્કર્મો કર્યા છે તે ન કરત. જે રીતે તેમણે કોંગ્રેસ પાર્ટીના નેતાઓ સાથે દુર્વ્યવહાર કર્યો છે, તેમણે તે કરવાનું બંધ કરી દેવું જોઈતું હતું. અરવિંદ કેજરીવાલે તેમના કાર્યકાળ દરમિયાન દારૂ અને શીશમહેલમાં ખોટા કામો કર્યા છે. તેમણે દિલ્હીના રસ્તાઓ બરબાદ કરી દીધા. દિલ્હીના લોકોએ તેમના કુશાસન અને ભ્રષ્ટાચાર વિરુદ્ધ મતદાન કર્યું છે. જનતા એ જ ખરાબ સરકારને ફરીથી ચૂંટવા માટે મૂર્ખ નથી.સંદીપ દીક્ષિતે કહ્યું કે મને લાગે છે કે કોંગ્રેસ પાર્ટીને વધુ મત મળવા જોઈતા હતા, પરંતુ મને લાગે છે કે દિલ્હીમાં આમ આદમી પાર્ટી વિરોધી લહેર જોરદાર હતી.

## જ્યાં સુધી હું અહીં છું ત્યાં સુધી ભાજપ બિહારમાં સરકાર બનાવી શકશે નહીં : લાલુ પ્રસાદ

। પટણા, તા.૧૩ ।

રાષ્ટ્રીય જનતા દળના રાષ્ટ્રીય અધ્યક્ષ લાલુ પ્રસાદ યાદવે એક મોટું નિવેદન આપ્યું છે. તેમણે કહ્યું કે જ્યાં સુધી અમે ત્યાં છીએ ત્યાં સુધી ભાજપ બિહારમાં સરકાર બનાવી શકશે નહીં. હકીકતમાં, દિલ્હીમાં અરવિંદ કેજરીવાલની સરકારની કારમી હાર પછી, જ્યારે પત્રકારોએ લાલુ પ્રસાદને પૂછ્યું કે જે રીતે ભાજપે દિલ્હીમાં અણધારી બહુમતી હાંસલ કરીને જીત નોંધાવી છે, શું તેની અસર બિહારમાં યોજાનારી બિહાર વિધાનસભાની ચૂંટણીઓ પર પણ પડશે? આના જવાબમાં લાલુ પ્રસાદ યાદવે જવાબ આપ્યો કે બિહારના લોકોએ ભારતીય જનતા પાર્ટીને ઓળખી લીધી છે. ગમે તે હોય, જ્યાં સુધી હું છું ત્યાં સુધી બિહારમાં ભાજપ સરકાર બનાવે તેવી કોઈ શક્યતા નથી.ભાજપના નેતા લાલુ યાદવ અને તેજસ્વીને 'ધૃતરાષ્ટ્ર' અને 'દુર્યોધન' કહે છે. ૨૦૨૫માં તેજસ્વી યાદવને મુખ્યમંત્રી બનાવવાની લાલુ પ્રસાદ યાદવની વાત પર ભાજપના પ્રવક્તા અરવિંદ સિંહે લાલુ પ્રસાદ અને તેજસ્વી યાદવ પર કટાક્ષ કર્યો છે. લાલુ પ્રસાદ યાદવને ધૃતરાષ્ટ્ર અને તેજસ્વી યાદવને દુર્યોધન કહીને સંબોધતા તેમણે કહ્યું કે લાલુ પ્રસાદ યાદવ હાલમાં ધૃતરાષ્ટ્રની ભૂમિકામાં છે. તે પોતાના પુત્ર દુર્યોધનને સત્તામાં લાવવા માટે મુખ્યમંત્રી બનાવવા માટે ઉત્સુક છે.

### ગેરમાન્ય ઠરેલા લગ્નોમાં પત્ની માટે આ શબ્દનો ઉપયોગ અપમાનજનક

# હિન્દુ લગ્ન એક્ટ હેઠળ લગ્ન અમાન્ય જાહેર થાય તો ગુજરાન ભથ્થું મળી શકે : સુપ્રીમ કોર્ટ

**સુપ્રીમ કોર્ટે બોમ્બે હાઈકોર્ટના એક ચુકાદામાં પત્ની માટે રખાત શબ્દનો ઉપયોગ કરવા બદલ પણ ટીકા કરતાં કહ્યું હતું કે, 'આ ટીપ્પણી મહિલાઓ વિરૂદ્ધ ભેદભાવપૂર્ણ અને અયોગ્ય ટીપ્પણી છે**

। નવીદિલ્હી, તા.૧૩ ।

'હિન્દુ વિવાહ એક્ટ ૧૯૫૫ હેઠળ અમાન્ય જાહેર થતાં લગ્નમાં પણ બંને પક્ષોને ગુજરાન ભથ્થું માગવાનો હક હોવાનો ચુકાદો સુપ્રીમ કોર્ટે આપ્યો છે. સુપ્રીમ કોર્ટે બોમ્બે હાઈકોર્ટના એક ચુકાદામાં પત્ની માટે રખાત શબ્દનો ઉપયોગ કરવા બદલ પણ ટીકા કરતાં કહ્યું હતું કે, 'આ ટીપ્પણી મહિલાઓ વિરૂદ્ધ ભેદભાવપૂર્ણ અને અયોગ્ય ટીપ્પ ણી છે.' જસ્ટિસ એ.એસ. ઓકા, જસ્ટિસ આહસાનુદીન અમાનુલ્લા અને જસ્ટિસ ઓગસ્ટિન જ્યોર્જ મસિહની બેન્ચે જણાવ્યું હતું કે, 'જો કોઈ વિવાદને ૧૯૯૫ એક્ટની કલમ ૧૧ હેઠળ ગેરકાયદે જાહેર કરવામાં આવે તો તે વિવાહમાં સામેલ બંને પક્ષોને એક-બીજા પર એક્ટની કલમ ૨૫ હેઠળ સ્થાયી ગુજરાન ભથ્થુ તથા ભરણ-પોષણનો દાવો



કરવાનો હક છે.'સુપ્રીમ કોર્ટે કહ્યું કે, 'આ કિસ્સામાં તથ્યો અને પક્ષોના આચરણના આધારે સ્થાયી ગુજરાન ભથ્થાં અંગે નિર્ણય લેવાશે. કલમ ૨૫ હેઠળ રાહત આપવી હંમેશા ન્યાયિક વિવેક પર નિર્ભર છે.'હિન્દુ વિવાદ એક્ટ હેઠળ વચગાળાના ભરણ-પ ોષણના સવાલ પર ચુકાદો આપ તાં સુપ્રીમ કોર્ટે કહ્યું કે, 'જો કોઈ કોર્ટ બંનેના વિવાહને ગેરકાયદે કે અમાન્ય જાહેર કરે અથવા તો રદ કરે તો પણ ૧૯૫૫ એક્ટ હેઠળ ચાલુ કેસની અંતિમ પતાવટ સુધી કોર્ટ વચગાળાનું ભરણ-પોષણ આપી શકે છે. જો કે, તેમાં પક્ષકારોનું આચરણ ધ્યાનમાં લેવાશે. કારણકે, રાહત આપવી હંમેશા ન્યાયિક વિવેક પર નિર્ભર છે.'ગેરમાન્ય ઠરેલા લગ્નોમાં પત્ની માટે આ શબ્દનો ઉપયોગ અપ માનજનકસુપ્રીમ કોર્ટે ગેરમાન્ય ઠરેલા લગ્નોમાં પત્ની માટે 'રખાત' જેવા શબ્દોના ઉપયોગ કરવા બદલ આકરી ટીકા કરતાં કહ્યું કે, 'કોઈ વિવાહને ગેરમાન્ય જાહેર કરવામાં આવે ત્યારે પત્નીને આ રીતે સંબોધવી યોગ્ય નથી. તેનાથી સંબંધિત મહિલાની ગરિમા પર અસર કરે છે. દુર્ભાગ્યવશ બોમ્બે હાઈકોર્ટે પત્ની માટે રખાત જેવા શબ્દોનો ઉપયોગ કર્યો હતો.'હિન્દુ વિવાહ એક્ટ ૧૯૫૫ હેઠળ અમાન્ય જાહેર થતાં લગ્નમાં પણ બંને પક્ષોને ગુજરાન ભથ્થું માગવાનો હક હોવાનો ચુકાદો સુપ્રીમ કોર્ટે આપ્યો છે. સુપ્રીમ કોર્ટે બોમ્બે હાઈકોર્ટના એક ચુકાદામાં પત્ની માટે રખાત શબ્દનો ઉપયોગ કરવા બદલ પણ ટીકા કરતાં કહ્યું હતું કે, 'આ ટીપ્પણી મહિલાઓ વિરૂદ્ધ ભેદભાવપૂર્ણ અને અયોગ્ય ટીપ્પણી છે.'

### તોડફોડ બાદ દેખાવ કરવાનો આરોપ

## દિલ્હીની જામિયા યુનિવર્સિટીમાં ૧૪ વિદ્યાર્થીઓની અટકાયત

। નવીદિલ્હી, તા.૧૩ ।

દિલ્હી પોલીસે આજે વહેલી સવારે ૬:૦૦ વાગ્યે જામિયા યુનિવર્સિટીના ૧૪ વિદ્યાર્થીઓની અટકાયત કરી છે. યુનિવર્સિટી પ્રશાસનની ફરિયાદ પર પોલીસે આ મોટી કાર્યવાહી કરી છે. આ વિદ્યાર્થીઓ બે પીએચડી સ્કોલર સામે યુનિવર્સિટી દ્વારા કરવામાં આવેલી શિસ્તભંગની કાર્યવાહી વિરુદ્ધ પ્રદર્શન કરી રહ્યા હતા. આ વિદ્યાર્થીઓને ગત વર્ષે કથિત રીતે એક પ્રદર્શનનું આયોજન કરવા બદલ કારણ બતાઓ નોટિસ ફટકારવામાં આવી હતી. આ વિરોધ પ્રદર્શન સોમવારથી શરૂ થયું હતું, જેમાં વિદ્યાર્થીઓએ વહીવટીતંત્રના 'વિદ્યાર્થી ચળવળ પરના કડક પગલાં' ની નિંદા કરી હતી. યુનિવર્સિટીએ દાવો કર્યો છે કે, સંપત્તિમાં તોડફોડ કરવામાં આવી છે, જેના પગલે સુરક્ષા વધારી દેવામાં આવી છે.યુનિવર્સિટીએ દાવો કર્યો છે કે, દેખાવ કરી રહેલા વિદ્યાર્થીઓએ સેન્ટ્રલ કેન્ટીન સહિત યુનિવર્સિટીની સંપત્તિને નુકસાન પહોંચાડ્યું હતું અને સુરક્ષા સલાહકારની ઓફિસનો દરવાજો તોડી નાખ્યો હતો, જેના કારણે વહીવટીતંત્રને કાર્યવાહી કરવાની ફરજ પડી છે. પોલીસ સૂત્રોએ જણાવ્યું કે, 'કાયદો અને વ્યવસ્થા જાળવવા માટે યુનિવર્સિટીએ વિદ્યાર્થીઓને વિરોધ સ્થળ પરથી હટાવવા માટે પોલીસ હસ્તક્ષેપની વિનંતી કરી હતી. યુનિવર્સિટી વહીવટીતંત્ર તરફથી વિનંતી મળ્યા બાદ અમે સવારે ૪ વાગ્યાની આસપાસ ૧૦થી વધુ વિદ્યાર્થીઓને ત્યાંથી હટાવ્યા છે. આ ઉપરાંત કાયદો અને વ્યવસ્થા જાળવવા માટે અમે કેમ્પસની બહાર ભારે પોલીસ સુરક્ષા તહેનાત કરી છે.' દિલ્હી પોલીસે આજે વહેલી સવારે ૬:૦૦ વાગ્યે જામિયા યુનિવર્સિટીના ૧૪ વિદ્યાર્થીઓની અટકાયત કરી છે. યુનિવર્સિટી પ્રશાસનની ફરિયાદ પર પોલીસે આ મોટી કાર્યવાહી કરી છે. આ વિદ્યાર્થીઓ બે પીએચડી સ્કોલર સામે યુનિવર્સિટી દ્વારા કરવામાં આવેલી શિસ્તભંગની કાર્યવાહી વિરુદ્ધ પ્રદર્શન કરી રહ્યા હતા. આ વિદ્યાર્થીઓને ગત વર્ષે કથિત રીતે એક પ્રદર્શનનું આયોજન કરવા બદલ કારણ બતાઓ નોટિસ ફટકારવામાં આવી હતી.

## ન્યૂઝ બ્રિફ



### કેસમાં જામીન નકારવાના અલ્હાબાદ હાઈકોર્ટના આદેશને પડકારતા સુપ્રીમ કોર્ટમાં અરજી કરી હતી

## મશીન ચોરી કેસમાં સુપ્રીમ કોર્ટે આઝમ ખાન અને તેમના પુત્રને રાહત આપી

।નવીદિલ્હી, તા.૧૩ ।

સુપ્રીમ કોર્ટે મશીન ચોરીના કેસમાં ઉત્તર પ્રદેશના ભૂતપૂર્વ મંત્રી આઝમ ખાન અને તેમના પુત્ર અબ્દુલ્લા આઝમ ખાનને જામીન આપ્યા છે. તેમણે આ કેસમાં જામીન નકારવાના અલ્હાબાદ હાઈકોર્ટના આદેશને પડકારતા સુપ્રીમ કોર્ટમાં અરજી કરી હતી.ન્યાયાધીશ એમ.એમ. સુંદરેશ અને રાજેશ બિંદલની બેન્ચે અલ્હાબાદ હાઈકોર્ટના આદેશને રદ કર્યો હતો જેમાં તેમની જામીન અરજી ફગાવી દેવામાં આવી હતી. "કેસના તથ્યો અને સંજોગોને ધ્યાનમાં રાખીને, અપીલકર્તાઓ દ્વારા જેલમાં પસાર કરાયેલા સમયગાળા સહિત, અમે વાંધાજનક આદેશને રદ કરવા અને અપીલકર્તાઓને જામીન આપવા માટે તૈયાર છીએ કારણ કે આ સંદર્ભમાં ચાર્જશીટ પહેલાથી જ દાખલ કરવામાં આવી છે," બેન્ચે જણાવ્યું હતું.૧૦ ફેબ્રુઆરીના રોજના પોતાના આદેશમાં, બેન્ચે કહ્યું, "તેથી, વાંધાજનક આદેશને રદ કરવામાં આવે છે અને અપીલકર્તાઓને ગૌણ અદાલતની સંતોષકારક શરતોને આધીન જામીન આપવામાં આવે છે." સર્વોચ્ચ અદાલતે ગૌણ અદાલતને અપીલકર્તાઓ પર એક શરત લાદવા કહ્યું કે તેઓ ટ્રાયલ કાર્યવાહીના અંત સુધી સહકાર આપશે અને સાક્ષીઓને પ્રભાવિત કરવાનો કે તેમના પક્ષમાં લાવવાનો કોઈ પ્રયાસ કરશે નહીં. "અપ ીલકર્તાઓ પર લાદવામાં આવેલી કોઈપણ શરતોના ઉલ્લંઘનના કિસ્સામાં, પ્રતિવાદીઓને જામીન રદ કરવાની માંગ કરવાની પણ સ્વતંત્રતા આપવામાં આવે છે,"

## અમાનતુલ્લા ખાન બુરખો પહેરીને દિલ્હી કોર્ટમાં આત્મસમર્પણ કરી શકે છે

। નવીદિલ્હી, તા.૧૩ ।

આમ આદમી પાર્ટીના ઓખલાના ધારાસભ્ય અમાનતુલ્લાહ ખાને દિલ્હીની રાઉઝ એવન્યુ કોર્ટમાં આગોતરા જામીન અરજી દાખલ કરી છે. રાઉઝ એવન્યુ કોર્ટ આજે જ તેમની આગોતરા જામીન અરજી પર સુનાવણી કરશે. દિલ્હીના જામિયા નગરમાં પોલીસ ટીમ પર થયેલા હુમલાનું નેતૃત્વ કરવાના આરોપમાં આપ ધારાસભ્ય વિરુદ્ધ એફઆઈઆર નોંધવામાં આવી છે.સૂત્રો પાસેથી મળેલી માહિતી અનુસાર,આપ ધારાસભ્ય અમાનતુલ્લાહ ખાન દિલ્હીની કોઈપણ કોર્ટમાં બુરખો પહેરીને અથવા ચહેરો છુપાવીને આત્મસમર્પણ કરી શકે છે. દિલ્હી પોલીસના ટોચના સૂત્રોના જણાવ્યા અનુસાર, આમ આદમી પાર્ટીની કાનૂની ટીમ ધારાસભ્યને સતત મદદ કરી રહી છે. શરણાગતિ સ્વીકારવાની શક્યતાને ધ્યાનમાં રાખીને, ક્રાઈમ બ્રાન્ચ, સ્પેશિયલ સેલ અને સ્થાનિક પોલીસને રાઉઝ એવન્યુ કોર્ટ સહિત તમામ નીચલી કોર્ટમાં તૈનાત કરવામાં આવી છે જેથી અમાનતુલ્લાહ ખાનની ધરપકડ કરી શકાય.બુધવારે અગાઉ, અમાનતુલ્લાહ ખાને ફરાર હોવાનો ઈનકાર કર્યો હતો.

## રિઝર્વ બેંક ઓફ ઇન્ડિયા ટૂંક સમયમાં ૫૦ રૂપિયાની નવી નોટ બહાર પાડશે

। મુંબઇ, તા.૧૩ ।

ભારતીય રિઝર્વ બેંક (આરબીઆઇ)એ જાહેરાત કરી કે ૫૦ રૂપિયાની નવી નોટ ટૂંક સમયમાં જારી કરવામાં આવશે. રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા ટૂંક સમયમાં બજારમાં ૫૦ રૂપિયાની નવી નોટ લોન્ચ કરવા જઈ રહી છે. નવી નોટ પર ઈર્ભે ગવર્નર સંજય મલ્હોત્રાના હસ્તાક્ષર હશે. શક્તિકાંત દાસની નિવૃત્તિ બાદ નિમણૂક થયા બાદ, મલ્હોત્રા ડિસેમ્બર ૨૦૨૪ માં કાર્યભાર સંભાળશે.આરબીઆઈએ પોતાના નિવેદનમાં જણાવ્યું છે કે આ નોટોની ડિઝાઈન મહાત્મા ગાંધી (નવી) શ્રેણીની ૫૦ રૂપિયાની નોટો જેવી જ હશે.

## આપ ધારાસભ્ય અમાનતુલ્લાહ ખાનને રાહત, ૨૪ ફેબ્રુઆરી સુધી ધરપકડ પર રોક

। નવીદિલ્હી, તા.૧૩ ।

આમ આદમી પાર્ટીના ધારાસભ્ય અમાનતુલ્લાહ ખાનની ધરપકડ પર ૨૪ ફેબ્રુઆરી સુધી રોક લગાવવામાં આવી છે. દિલ્હીની રાઉઝ એવન્યુ કોર્ટે અમાનતુલ્લાહ ખાનની જામીન અરજીની સુનાવણી કરતી વખતે આ આદેશ આપ્યો હતો. કોર્ટે અમાનતુલ્લાહ ખાનને આજે સાંજથી જ તપાસમાં જોડાવાનો આદેશ આપ્યો છે.કોર્ટે પોલીસને પૂછ્યું કે શું તે સમયના કોઈ સીસીટીવી ફૂટેજ છે? આના પર પ ોલીસે કહ્યું કે તે સમયે વીજળી ગઈ હતી. કોર્ટે પ ૂછ્યું કે શું પોલીસે મોબાઈલ પર વીડિયો બનાવ્યો હતો? આ અંગે પોલીસનો જવાબ એ હતો કે

જ્યારે પોલીસ ત્યાં લોકોને માર મારતી હતી ત્યારે તમે વીડિયો કેવી રીતે બનાવ્યો હોત? કોર્ટે કહ્યું કે અમાનતુલ્લાહ ખાનને જામિયા નગર પ ોલીસ સ્ટેશનમાં તપાસમાં જોડાવા જોઈએ. જ્યાં સીસીટીવી ફૂટેજ છે ત્યાં તપાસ થવી જોઈએ. કોર્ટે ૨૪ ફેબ્રુઆરી સુધી અમાનતુલ્લાહની ધરપ કડ પર પણ પ્રતિબંધ મૂક્યો છે.અમાનતુલ્લાહ ખાન પર ૧૦ ફેબ્રુઆરીએ જામિયા નગરમાં પ ોલીસ ટીમ પર હુમલો કરનાર ટોળાનું નેતૃત્વ કરવાનો આરોપ છે. આ મામલે કેસ નોંધાયા બાદથી પોલીસ અમાનતુલ્લાહ ખાનને શોધી રહી હતી. દરમિયાન, અમાનતુલ્લાહે દિલ્હીની રાઉઝ એવન્યુ કોર્ટમાં આગોતરા જામીન માટે અરજી દાખલ કરી હતી. અમાનતુલ્લાહ ખાને સ્પ ેશિયલ જજ જિતેન્દ્ર સિંહ સમક્ષ અરજી દાખલ કરીને તપાસમાં જોડાતા પહેલા ધરપકડથી રક્ષણ મેળવવાની માંગ કરી હતી.

**બોમ્બે હાઈકોર્ટની નાગપુર બેંચ** | **૪ એપ્રિલ ૨૦૧૬ ના રોજ એડિશનલ ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ, નાગપુર સમક્ષ દાખલ કરવામાં આવ્યો હતો**

# મેગી નુડલ્સની ખામી અંગે નેસ્લેના અધિકારીઓને મોટી રાહત

। લખનૌ, તા.૧૨ ।

બોમ્બે હાઈકોર્ટની નાગપુર બેંચે નેસ્લે ઈન્ડિયા લિમિટેડના અધિકારીઓ વિરુદ્ધ મેગી ઈન્સ્ટન્ટ નૂડલ્સ સંબંધિત ફોજદારી કેસને ફગાવી દીધો છે. આ કેસ ફૂડ સેફ્ટી ઓફિસર વતી ૪ એપ્રિલ ૨૦૧૬ ના રોજ એડિશનલ ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ, નાગપુર સમક્ષ દાખલ કરવામાં આવ્યો હતો.જસ્ટિસ ઉર્મિલા જોશી ફાળકેની ખંડપીઠે ખાદ્ય નમૂનાના પરીક્ષણમાં પ્રક્રિયા સંબંધિત ખામીઓને ધ્યાનમાં રાખીને આ આદેશ આપ્યો હતો. બેંચ નેસ્લે ઈન્ડિયાના નાગપુર અને ગોવાના અધિકારીઓ દ્વારા દાખલ કરવામાં આવેલી અરજી પર સુનાવણી કરી રહી હતી.ફૂડ સેફ્ટી ઓફિસર કિરણ રંગાસ્વામી ગેડમે ૨૦૧૬માં




ફરિયાદ નોંધાવી હતી, જેમાં નેસ્લે ઈન્ડિયા પર ફૂડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ એક્ટ (હ્વજીજી એક્ટ), ૨૦૦૬ની અનેક જોગવાઈઓનું ઉલ્લંઘન કરવાનો આરોપ લગાવ્યો હતો.

ફરિયાદ મુજબ, ૩૦ એપ્રિલ, ૨૦૧૫ ના રોજ, નાગપુર નજીક નેસ્લે ઈન્ડિયાના લોજિસ્ટિક્સ હબની તપાસ કરવામાં આવી હતી જ્યાંથી મેગી ઈન્સ્ટન્ટ નૂડલ્સના નમૂના લેવામાં આવ્યા હતા. નમૂનાનું પૂણેમાં સ્ટેટ પ બ્લિક હેલ્થ લેબમાં પરીક્ષણ કરવામાં આવ્યું હતું, જ્યાં તે સુરક્ષિત જણાયું હતું. જો કે, ખાદ્ય સુરક્ષા અધિકારીએ બીજા અભિપ્રાય માટે નમૂનાને ગાઝિયાબાદ સ્થિત રેફરલ ફૂડ લેબમાં મોકલ્યા હતા.ગાઝિયાબાદ લેબના ૩૧ ડિસેમ્બર, ૨૦૧૫ના રિપ ોર્ટમાં જાણવા મળ્યું હતું કે નૂડલ્સમાં સૂકી રાખનું પ્રમાણ વધુ હતું અને નાઈટ્રોજનનું પ્રમાણ ઓછું હતું, જે નિર્ધારિત ધોરણોનું ઉલ્લંઘન હતું. આ રિપોર્ટના આધારે નેસ્લેના અધિકારીઓ સામે ફોજદારી કેસ નોંધવામાં આવ્યો હતો.ગાઝિયાબાદની લેબને દ્વછમ્નની મંજૂરી નહોતીનેસ્લે ઈન્ડિયાના અધિકારીઓ તરફથી હાજર રહેલા એડવોકેટ એસ.વી. મનોહરે દલીલ કરી હતી કે ગાઝિયાબાદ લેબ પરીક્ષણ સમયે દ્વછમ્ન માન્યતા પ્રાપ્ત ન હતી. હ્વજીજી એક્ટની કલમ ૪૩ હેઠળ, ફક્ત દ્વછમ્ન માન્યતા પ્રાપ્ત પ્રયોગશાળાઓ જ આવા પરીક્ષણો કરી શકે છે. ગાઝિયાબાદ લેબને ૧૫ ડિસેમ્બર ૨૦૧૬ ના રોજ દ્વછમ્ન માન્યતા પ્રાપ્ત થઈ હતી, જ્યારે નેસ્લેના નમૂનાનું તે પહેલાં પરીક્ષણ કરવામાં આવ્યું હતું, જે તેની માન્યતાને શંકાસ્પદ બનાવે છે. બોમ્બે હાઈકોર્ટની નાગપુર બેંચે નેસ્લે ઈન્ડિયા લિમિટેડના અધિકારીઓ વિરુદ્ધ મેગી ઈન્સ્ટન્ટ નૂડલ્સ સંબંધિત ફોજદારી કેસને ફગાવી દીધો છે.

# મહાકુંભમાં માઘ પૂર્ણિમાએ ૧.૩૦ કરોડ લોકોએ આસ્થાની ડૂબકી લગાવી





પ્રયાગરાજ : દિવસે નદીમાં સ્નાન કરવાનું અનેરુ મહત્વ છે. તેમાં પણ મહાકુંભ ચાલી રહ્યો છે. ત્યારે આજે અમૃત સ્નાનને લઈને આજે દેશભરમાંથી લોકો ઉમટ્યા છે. પ્રયાગરાજમાં જબરદસ્ત ભીડ છે. સંગમ તટથી ૧૦ કિમી સુધી નજર પહોંચે ત્યાં શ્રદ્ધાળુઓ જ જોવા મળી રહ્યા છે. અત્યાર સુધી મહાકુંભમાં ૪૫ કરોડ શ્રદ્ધાળુઓ આવી પહોંચ્યા છે. જ્યારે આજના દિવસે જ ૧.૩૦ કરોડ લોકોએ આસ્થાની ડૂબકી લગાવી છે. અનુમાન છે કે આજે ૨.૫ કરોડ શ્રદ્ધાળુઓ મહાકુંભમાં સ્નાન કરી શકે છે.આજે માઘ પૂર્ણિમાના અમૃત સ્નાનને લઈને શ્રદ્ધાળુઓ પર હેલિકોપ્ટર દ્વારા ૨૫ ક્વિન્ટલ ફુલ વરસાવવામાં આવ્યા. પ્રયાગરાજ તરફ જતા રસ્તાઓ પર ભારે ટ્રાફિક જામ બાદ ટ્રાફિક પ્લાનમાં ફેરફાર કરવામાં આવ્યો છે. શહેરમાં વાહનોનો પ્રવેશ બંધ કરી દેવાયો છે.. મહાકુંભ મેળા ક્ષેત્રમાં પણ કોઈ વાહન ચાલશે નહીં. આવી સ્થિતિમાં, ભક્તોને સંગમ પહોંચવા માટે ૮ થી ૧૦ કિમી ચાલીને જવું પડે છે. વહીવટીતંત્ર પાર્કિંગમાંથી શટલ બસો ચલાવી રહ્યું છે. પરંતુ તે મર્યાદિત છે.સંગમ ખાતે અર્ધલશ્કરી દળના જવાનો તૈનાત છે. ભીડ ન વધે તે માટે લોકોને ત્યાં રોકાવાની મંજૂરી નથી. મોટાભાગના લોકોને સ્નાન માટે અન્ય ઘાટ પર મોકલવામાં આવી રહ્યા છે. પહેલી વાર, ભીડને નિયંત્રિત કરવા માટે ૧૫ જિલ્લાના ડીએમ, ૨૦ આઈએએસ અને ૮૫ પીસીએસ અધિકારીઓને મેળામાં તૈનાત કરવામાં આવ્યા છે.

## કાર્તિકની રોમેન્ટિક ફિલ્મમાં તૃપ્તિ ડિમરીને સ્થાને શ્રીલીલા



। મુંબઇ, તા.૧૩ ।

'પુષ્પા ટૂ 'ના આઈટમ સોંગ 'કિસિક'થી જાણીતી શ્રીલીલાને બોલીવૂડમાં આ બીજો પ્રોજેક્ટ મળ્યો છે. અનુરાગ બસુ દ્વારા દિગ્દર્શિત રોમાન્ટિક ફિલ્મને આશિકી થ્રી ટાઈટલ નહિ અપાય- શ્રીલીલાને બોલીવૂડમાં બીજી ફિલ્મ મળીઅનુરાગ બસુ દિગ્દર્શિત આ ફિલ્મને અગાઉ 'આશિકી થ્રી' તરીકે ઓળખાવાતી હતી. જોકે, કાનૂની વિવાદને કારણે હવે ફિલ્મનું ટાઈટલ બદલાશે. અનુરાગ બસુ આવતા મહિનેથી ફિલ્મનું શૂટિંગ શરુ કરશે. શ્રીલીલા મેડોક ફિલ્મસ દ્વારા નિર્મિત એક પ્રોજેક્ટમાં ઈબ્રાહિમ અલી ખાન સાથે હિંદી ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં ડેબ્યુ કરી રહી છે. આ વરસની શરૂઆતમાં ફિલ્મના સ્ક્રિપ્ટ-રીડિંગ સેશન દરમિયાન બન્ને મુંબઈમાં સાથે જોવા મળ્યા હતા. અનુરાગ બસુ દિગ્દર્શિત આ ફિલ્મને અગાઉ 'આશિકી થ્રી' તરીકે ઓળખાવાતી હતી. જોકે, કાનૂની વિવાદને કારણે હવે ફિલ્મનું ટાઈટલ બદલાશે. અનુરાગ બસુ આવતા મહિનેથી ફિલ્મનું શૂટિંગ શરુ કરશે. કાર્તિક આર્યનની રોમેન્ટિક ફિલ્મમાં તૃપ્તિ ડિમરીની જગ્યાએ શ્રીલીલા ગોઠવાઈ ગઈ હોવાનું જાણવા મળે છે. 'પુષ્પા ટૂ 'ના આઈટમ સોંગ 'કિસિક'થી જાણીતી શ્રીલીલાને બોલીવૂડમાં આ બીજો પ્રોજેક્ટ મળ્યો છે.

### ઈલોન મસ્ક સાથે તેમની બેઠકને લઈને વધારે ઉત્સાહ

# વ્હાઇટ હાઉસમાં પીએમ મોદી અને મસ્કની મુલાકાત એઆઇ તથા સ્ટારલિન્ક ઇન્ટરનેટ અંગે થઇ શકે ચર્ચા

**બેઠક એટલે પણ ખાસ છે કારણકે, મસ્ક અમેરિકાના રાષ્ટ્ર પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના નજીકના તેમજ વિશ્વસનીય સલાહકાર તરીકે ઉભરી આવ્યા છે । ૨૦૧૫માં મસ્ક ડેમોક્રેટિક પાર્ટીના સમર્થક હતા**

। વોશિગ્ટન, તા.૧૩ ।

વડાપ્રધાન નરેન્દ્ર મોદી ગુરુવારે વોશિંગ્ટન ડી.સીમાં વ્હાઈટ હાઉસની પોતાની યાત્રા દરમિયાન ટેસ્લાના સીઈઓ ઈલોન મસ્ક સાથે મુલાકાત કરશે. આ બેઠક એટલે પણ ખાસ છે કારણકે, મસ્ક અમેરિકાના રાષ્ટ્ર પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના નજીકના તેમજ વિશ્વસનીય સલાહકાર તરીકે ઉભરી આવ્યા છે. વડાપ્રધાન મોદીના બે દિવસીય અમેરિકાના પ્રવાસમાં અનેક બાકી નેતાઓ સાથે મુલાકાતનો કાર્યક્રમ પણ સામેલ છે. પરંતુ, ઈલોન મસ્ક સાથે તેમની બેઠકને લઈને વધારે ઉત્સાહ છે. નોંધનીય છે કે, આ પહેલીવાર નથી જ્યારે વડાપ્રધાન મોદી અને ઈલોન મસ્ક એકબીજાને મળી રહ્યા હોય. વર્ષ ૨૦૧૫માં વડાપ્રધાન મોદીએ સૈન જોસમાં ટેસ્લાના પ્લાન્ટની મુલાકાત લીધી હતી, જેમાં મસ્કે તેમને વ્યક્તિગત રૂપે ફેક્ટરીની મુલાકાત કરાવી હતી. જોકે, આ વખતની મુલાકાતનો સંદર્ભ અલગ છે. ૨૦૧૫માં મસ્ક ડેમોક્રેટિક પાર્ટીના સમર્થક હતા પરંતુ, હવે તે રાષ્ટ્ર પ્રમુખ ટ્રમ્પના પ્રમુખ સલાહકાર બની ચૂક્યા છે. સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ, આ બેઠકમાં ટેસ્લા અને સ્પેસએક્સની ભારતમાં સંભાવના પર ચર્ચા થઈ શકે છે. મસ્કે પહેલાં ભારતમાં એક વાજબી ઈલેક્ટ્રિક કાર લોન્ચ



કરવામાં રસ દાખવ્યો હતો. પરંતુ, આ સ્પષ્ટ નથી કે, તે હજુ પણ આમાં રસ દાખવે છે કે નહીં? અથવા કોઈ અન્ય વિષય પર વાત કરવા ઈચ્છે છે. આ સિવાય ભારતમાં સ્ટારલિંક ઈન્ટરનેટ સેવાના વિસ્તાર અને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ નીતિ પર વાતચીત થઈ શકે છે. સ્ટારલિંક ઈન્ટરનેટ દ્વારા સસ્તા ઈન્ટરનેટની સુવિધાની આશા કરવામાં આવી રહી છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી ગુરુવારે વોશિંગ્ટન ડી.સીમાં વ્હાઈટ હાઉસની પોતાની યાત્રા દરમિયાન ટેસ્લાના સીઈઓ ઈલોન મસ્ક સાથે મુલાકાત કરશે.

આ બેઠક એટલે પણ ખાસ છે કારણકે, મસ્ક અમેરિકાના રાષ્ટ્ર પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના નજીકના તેમજ વિશ્વસનીય સલાહકાર તરીકે ઉભરી આવ્યા છે. વડાપ્રધાન મોદીના બે દિવસીય અમેરિકાના પ્રવાસમાં અનેક બાકી નેતાઓ સાથે મુલાકાતનો કાર્યક્રમ પણ સામેલ છે. પરંતુ, ઈલોન મસ્ક સાથે તેમની બેઠકને લઈને વધારે ઉત્સાહ છે. નોંધનીય છે કે, આ પહેલીવાર નથી જ્યારે વડાપ્રધાન મોદી અને ઈલોન મસ્ક એકબીજાને મળી રહ્યા હોય. વર્ષ ૨૦૧૫માં વડાપ્રધાન મોદીએ સૈન જોસમાં ટેસ્લાના પ્લાન્ટની મુલાકાત લીધી હતી.

### ૧૦૪૫ 'શીખ આતંકવાદીઓને' આશ્રય આપ્યો

## કેનેડાએ પણ સ્વીકાર્યું કે ખાલિસ્તાની આતંકવાદીઓ ભારત માટે ખતરો

**ભારત સરકાર લાંબા સમયથી કહી રહી છે કે કેનેડા સરકાર ભારતમાં ગુના કરીને ફરાર થઈ ગયેલા ખાલિસ્તાની આતંકવાદીઓને આશ્રય આપે**

। ટોરેન્ટો, તા.૧૩ ।

ભારત સરકાર લાંબા સમયથી કહી રહી છે કે કેનેડા સરકાર ભારતમાં ગુના કરીને ફરાર થઈ ગયેલા ખાલિસ્તાની આતંકવાદીઓને આશ્રય આપે છે. દરેક વખતે ટ્રૂડો સરકારે તેનો ઈનકાર કર્યો હતો. પરંતુ, હવે કેનેડાની સરકારે ખુદ એ હકીકત સ્વીકારી લીધી છે કે તે ખાલિસ્તાની આતંકવાદીઓને આશ્રય આપે છે. તેણે એ પણ સ્વીકાર્યું છે કે ખાલિસ્તાની આતંકવાદીઓ ભારત માટે મોટો ખતરો છે. આ બધું હોવા છતાં કેનેડાની સરકાર આ તત્વોને સતત આશ્રય આપી રહી છે.માહિતી મુજબ કેનેડાના ફોરેન ઈન્ટરફેન્સ રિપોર્ટમાં આ વાત સામે આવી છે. જેમાં કહેવાયું છે કે ખાલિસ્તાન સમર્થકો કેનેડામાં આરામથી જીવી રહ્યા છે. ૨૦૨૧ અને ૨૦૨૪ ની વચ્ચે એટલે કે આ ત્રણ વર્ષમાં જ તેણે ૧૦૪૫ 'શીખ આતંકવાદીઓને' આશ્રય આપ્યો છે. વર્ષ ૨૦૨૨માં કેનેડાએ તેના દેશમાં સૌથી વધુ ૪૨૮ ખાલિસ્તાનીઓને આશ્રય આપ્યો હતો. કેનેડાનું એમ પણ કહેવું છે કે આ ખાલિસ્તાની આતંકવાદીઓ ત્યાં શાંતિથી રહે છે.ખાસ વાત એ છે કે કેનેડા જેમને 'શીખ મિલિટન્ટ્સ' કહી રહ્યું છે તે વાસ્તવમાં આતંકવાદી છે જેઓ ભારતમાં આતંકવાદી ઘટનાઓને અંજામ આપીને કેનેડા ભાગી ગયા છે. તેઓ ત્યાં ખૂબ જ આરામથી સામાન્ય જીવન જીવી રહ્યા છે. ખાસ વાત એ છે કે કેનેડા ખાલિસ્તાની આતંકવાદીઓને શીખ આતંકવાદી ગણાવે છે અને દાવો કરે છે કે તેમના જ દેશમાં તેમના પર અત્યાચાર ગુજારવામાં આવે છે. કેનેડામાં ભૂતપૂર્વ ભારતીય રાજદ્વારી દીપક બોહરાને ટાંકીને અહેવાલમાં કહેવામાં આવ્યું છે કે કેનેડા શાંતિપૂર્ણ રીતે રહેતા ખાલિસ્તાનીઓની વાત કરી શકે છે. પરંતુ તે એમ પણ માને છે કે કેટલાક ખાલિસ્તાની સમર્થકો ભારતમાં આતંકવાદીઓને ફંડ આપીને વાતાવરણ બગાડવામાં વ્યસ્ત છે.જો કે, કેનેડાએ સ્વીકાર્યું છે કે તેણે ખાલિસ્તાની આતંકવાદીઓ સામે કાયદાકીય આધાર પર દાવા કર્યા છે. આનો અર્થ એ છે કે ભારતે તેના માટે માન્ય દાવા કર્યા છે. મતલબ કે ભારતના આરોપો તથ્ય છે.નોંધનીય છે કે ખાલિસ્તાની આતંકવાદી હરદીપ સિંહ નિજ્જરની હત્યા બાદ ભારત અને કેનેડાના સંબંધો બગડી ગયા છે.

## ગૌહર ખાને મુંબઈમાં ૧૦.૧૩ કરોડના ત્રણ ફ્લેટની ખરીદી કરી



। મુંબઇ, તા.૧૩ ।

-બોલીવૂડમાં વધુ એક પ્રોપર્ટી ડીલ એક ફ્લેટ પોતાના એકલીના નામે લીધો, બે ફ્લેટમાં પતિ-પત્નીનું સંયુક્ત રોકાણમુંબઈ : અભિનેત્રી ગૌહર ખાને મુંબઈના વર્સોવા વિસ્તારમાં ૧૦.૧૩ કરોડ રૂપિયાના ત્રણ ફ્લેટ ખરીદ્યા છે. જેમાંનો એક તેના નામે છે જ્યારે બીજા બે પતિ જૈદ દરબાર ના નામે છે. રજિસ્ટ્રેશનના દસ્તાવેજો અનુસાર, આ ત્રણેય એપાર્ટમેન્ટ વર્સોવાના એક બિલ્ડિંગમાં ખરીદવામાં આવ્યા છે. ગૌહર ખાનના નામનો એક ફ્લેટ૧,૧૦૪.૭૫ સ્કે. ફૂટ ક્ષેત્રફળ ધરાવે છે. આની સાથે એક કાર પાર્કિંગ પણ સામેલ છે. આ ફ્લેટ માટે અભિનેત્રીએ ૧૩.૯૮ લાખ રૂપિયાની સ્ટેમ્પ ડયુટી ભરી છે અને ૩૦,૦૦૦ રૂપિયા રજિસ્ટ્રેશન માટે આપ્યા છે. ગૌહર ખાન અને તેના પતિ જૈદે સયુક્ત નામ સાથે બે એપાર્ટમેન્ટ ખરીદ્યા છે. રજિસ્ટ્રેશનના અનુસાર, આ બન્ને એપાર્ટમેન્ટની કિંમત ૭.૩૩ કરોડ રૂપિયા હતી. આ ફ્લેટના કુલ કાર્પેટ એરિયા ૨,૩૯૩ સ્કે. ફૂટ છે અને સાથે બે કાર પાર્કિંગ પણ સામેલ છે. જે માટે ૪૩.૯૭ લાખ રૂપિયા સ્ટેમ્પ ડયુટી અને ૩૦,૦૦૦ રૂપિયા રજિસ્ટ્રેશનના આપ વામાં આવ્યા છે. -બોલીવૂડમાં વધુ એક પ્રોપર્ટી ડીલ એક ફ્લેટ પોતાના એકલીના નામે લીધો, બે ફ્લેટમાં પતિ-પત્નીનું સંયુક્ત રોકાણમુંબઈ : અભિનેત્રી ગૌહર ખાને મુંબઈના વર્સોવા વિસ્તારમાં ૧૦.૧૩ કરોડ રૂપિયાના ત્રણ ફ્લેટ ખરીદ્યા છે.

## અર્જુન કપૂર રકૂલની મેરે હસબન્ડ કી બીવીમાં આદિત્ય સીલની એન્ટ્રી

। મુંબઇ, તા.૧૩ ।

મુદસ્સર અઝીઝની ફિલ્મ મેરે 'હસબન્ડ કી બીવી'માં અર્જુન કપૂર, રકુલ પ્રીત સિંહ અને ભૂમિ પેડનેકરની ત્રિપુટી સાથે હવે આદિત્ય સીલ પણ સામેલ થઈ ગયો છે. આદિત્યએ જાતે પોતે આ ફિલ્મમાં કાસ્ટ થયો હોવાની જાહેરાત કરી હતી. જોકે, તેણે કહ્યું હતું કે આ ફિલ્મના મારા રોલ વિશે હું જણાવી શકું એમ નથી. તેણે એટલું જ કહ્યું હતું કે આ મસાલેદાર ફિલ્મમાં વધુ મસાલો નાખવામાં આવ્યો છે. ઉલ્લેખનીય છે કે, આદિત્ય સીલે ૨૦૦૨માં મનીષા કોઈરાલા સાથેની કામુક ફિલ્મ 'એક છોટી સી લવ સ્ટોરી'થી કારકિર્દીની શરૂઆત કરી હતી. તેણે 'સ્ટુડન્ટ ઓફ ધી યર ટૂ'માં પણ સહાયક ભૂમિકા ભજવી હતી. મુદસ્સર અઝીઝની ફિલ્મ મેરે 'હસબન્ડ કી બીવી'માં અર્જુન કપૂર, રકુલ પ્રીત સિંહ અને ભૂમિ પેડનેકરની ત્રિપુટી સાથે હવે આદિત્ય સીલ પણ સામેલ થઈ ગયો છે. આદિત્યએ જાતે પોતે આ ફિલ્મમાં કાસ્ટ થયો હોવાની જાહેરાત કરી હતી. જોકે, તેણે કહ્યું હતું કે આ ફિલ્મના મારા રોલ વિશે હું જણાવી શકું એમ નથી. તેણે એટલું જ કહ્યું હતું કે આ મસાલેદાર ફિલ્મમાં વધુ મસાલો નાખવામાં આવ્યો છે. ઉલ્લેખનીય છે કે, આદિત્ય સીલે ૨૦૦૨માં મનીષા કોઈરાલા સાથેની કામુક ફિલ્મ 'એક છોટી સી લવ સ્ટોરી'થી કારકિર્દીની શરૂઆત કરી હતી.

## દુનિયાનો સૌથી પ્રામાણિક દેશ ડેનમાર્ક । અહીં દુકાનો પર તાળાં પણ નથી હોતા । ૭૪%ને એકબીજા પર વિશ્વાસ

। ડેનમાર્ક, તા.૧૩ ।

'ટ્રાન્સપરન્સી ઈન્ટરનેશનલ' નામની આંતરરાષ્ટ્રીય બિન-સરકારી સંસ્થા કે જે વિશ્વના વિવિધ દેશોમાં ભ્રષ્ટાચારની સ્થિતિનું મૂલ્યાંકન કરીને તેનો અહેવાલ તૈયાર કરે છે, તેણે તાજેતરમાં આવો અહેવાલ રજૂ કર્યો છે. અહેવાલ મુજબ ડેન્માર્ક વિશ્વનો સૌથી ઓછો ભ્રષ્ટ્ર દેશ છે અને ત્યાંની પ્રજાને વિશ્વના તમામ લોકો વિશ્વાસપાત્ર લાગે છે. ટ્રાન્સપરન્સી ઈન્ટરનેશનલ દ્વારા મંગળવારે વર્ષ ૨૦૨૪નો 'કરપ્શન પરસેપ્શન્સ ઈન્ડેક્સ' જાહેર કરવામાં આવ્યો હતો, જેમાં ડેન્માર્ક ૯૦ CPI પોઈન્ટ સાથે સતત સાતમા વર્ષે ટોપ પર રહ્યું છે. અહેવાલમાં ૧૮૦ દેશોને ૦ થી ૧૦૦ સુધીના નંબર આપવામાં આવ્યા હતા. શૂન્યનો સ્કોર એટલે સૌથી વધુ ભ્રષ્ટ અને ૧૦૦નો સ્કોર એટલે સૌથી ઓછો ભ્રષ્ટ.ડેન્માર્ક સૌથી ઓછું ભ્રષ્ટ હોવાનું કારણ છે ત્યાંના લોકોની માનસિકતા. લગભગ ૭૪ ટકા ડેનિસ લોકો માને છે કે વિશ્વના લગભગ તમામ દેશના લોકો વિશ્વાસપાત્ર છે. તેઓ અજાણ્યા લોકો પર પણ શંકા કરતા નથી. ભ્રષ્ટાચાર ફક્ત સરકાર દ્વારા કરાતો કાંડ નથી, ભ્રષ્ટાચાર વ્યક્તિગત કક્ષાએ પણ થાય છે અને તે લોકોમાં વિકસિત થયેલી એક આદત છે. ડેનિશ પ્રજા પ્રામાણિક હોવાથી તેઓ અન્ય લોકો પર પણ સરળતાથી વિશ્વાસ કરી લે છે. બીજા કોઈ દેશની પ્રજામાં આવો પરસ્પર વિશ્વાસ જોવા નથી મળતો. આ જ કારણસર ડેન્માર્કમાં લોકો એકબીજાને છેતરતા નથી અને તેને વિશ્વનો સૌથી ઓછો ભ્રષ્ટ દેશ હોવાનું બહુમાન મળતું રહે છે. ભારતના પડોશી દેશો પૈકી પાકિસ્તાન ૧૩૫મા, શ્રીલંકા ૧૨૧મા અને બાંગ્લાદેશ ૧૪મા રહ્યા છે. ચીનની સ્થિતિ પ્રમાણમાં બહેતર છે. તેને ૭૬મો ક્રમ મળ્યો છે

**મેક્સિકન આપણાં કરતાં સારા!** **અમેરિકનોમાં પ્રબળ માન્યતા છે કે કાયદેસર રીતે આવતા ભારતીયો તેમની હાઈસ્કીલ્ડ જોબ્સ લઈ લે**

# ૮૨% અમેરિકનના મતે ભારતીયો 'મતલબી', ફક્ત આર્થિક તકોનો લાભ લે છે

। વોશિગ્ટન, તા.૧૩ ।

અમેરિકામાં તાજેતરમાં થયેલો સરવે ત્યાં કાયદેસર રહેતાં ભારતીયો માટે ઘણો ચોંકાવનારો છે. તેની સાથે આ સરવે અમેરિકામાં ભારતીયો માટેના ચિંતાજનક ભવિષ્યનો પણ સંકેત પાઠવે છે. તાજેતરના સરવેમાં સામેલ ૮૨ ટકા અમેરિકનોએ જણાવ્યું છે કે તે કાયદેસર રીતે રહેતા ભારતીયો કરતાં ગેરકાયદેસર રીતે રહેતા મેક્સિકનોને વધારે પસંદ કરે છે. ભારતીયો તેમની હાઈ સ્કીલ્ડ જોબ્સ લઈ લે છે. આ દર્શાવે છે કે અમેરિકનોમાં પ્રબળ માન્યતા છે કે કાયદેસર રીતે આવતા ભારતીયો તેમની હાઈસ્કીલ્ડ જોબ્સ લઈ લે છે. તેની સામે ગેરકાયદેસર રીતે રહેતા મેક્સિકનો ઉપરથી તેમની લો-સ્કીલ્ડ વર્કફોર્સની



માંગ પૂરી કરે છે. ઘણા લોકો આની પ ાછળ મેક્સિકો સાથેના સાંસ્કૃતિક જોડાણને પણ કારણભૂત ગણાવે છે. મેક્સિકો અને અમેરિકન સંસ્કૃતિમાં ખાસ તફાવત નથી. તેની સાથે મેક્સિકનો અમેરિકન સમાજમાં તરત જ ભળી જાય છે. તેનાથી વિપરીત ભારતીયો પોતાના જ ગ્રુપમાં રહે છે અને અમેરિકન સંસ્કૃતિને અપનાવતા નથી. ભારતીયો પ્રત્યે અમેરિકનોનો આ ધિક્કાર દરેક સ્થળે ઉડીને આંખે વળગે છે. બીજું એક કારણ આર્થિક હોવાનું પણ મનાય છે. આજે અમેરિકામાં કાયદેસર રીતે વસતા ભારતીય માટે દસ લાખ ડોલરનું ઘર ખરીદવું સરળ છે. તેનાથી વિપરીત અમેરિકન માટે આ વાત સ્વપ્નવત છે. ભારતીયોના મોંઘા ઘરો અને ટેસ્લા જેવી મોંઘી કારોની માલિકીએ પણ ભારતીયો પ્રત્યેના ધિક્કારમાં વધારો કર્યો છે. આ લાગણીમાં વધારો કરવાનું એક કારણ ભારતીયો દ્વારા કરવામાં આવતું સંપત્તિનું વરવું પ્રદર્શન તથા દરેક પ્રસંગોએ લઈને કરવામાં આવતો ઘોંઘાટ છે. પછી તે હિન્દી ફિલ્મ હોય કે તહેવારોની ઉજવણી હોય. અમેરિકનોના મતે આ બધુ અમેરિકન સંસ્કૃતિમાં ફિટ બેસતું નથી. આના લીધે અમેરિકનોના ભારતીયો સામેના આક્રોશ અને ઈર્ષાનો અહીં સમન્વય થાય છે. જો કે કેટલાય લોકોએ આ પ્રકારના સરવેને એક સમાજની સામે બીજા સમાજને મૂકીને ધિક્કાર ફેલાવતો ગણાવીને તેની ટીકા કરી હતી અને તેને વાહિયાત ગણાવ્યો હતો. તેની સાથે જણાવ્યું હતું કે ફક્ત ૪૮ હજાર અમેરિકનોનો મત આખા અમેરિકાનો અભિપ્રાય ન હોઈ શકે. અમેરિકામાં તાજેતરમાં થયેલો સરવે ત્યાં કાયદેસર રહેતાં ભારતીયો માટે ઘણો ચોંકાવનારો છે. તેની સાથે આ સરવે અમેરિકામાં ભારતીયો માટેના ચિંતાજનક ભવિષ્યનો પણ સંકેત પાઠવે છે. તાજેતરના સરવેમાં સામેલ ૮૨ ટકા અમેરિકનોએ જણાવ્યું છે કે તે કાયદેસર રીતે રહેતા ભારતીયો કરતાં ગેરકાયદેસર રીતે રહેતા મેક્સિકનોને વધારે પસંદ કરે છે. ભારતીયો તેમની હાઈ સ્કીલ્ડ જોબ્સ લઈ લે છે.

### કપૂર દક્ષિણ એશિયા બ્યુરોનું નિરીક્ષણ કરનારા ભારતીય મૂળના બીજા અમેરિકન રાજદ્વારી

### ડોનાલ્ડ ટ્રમ્પ વહીવટીતંત્રે ભારત-પાકિસ્તાન સુરક્ષા અને પરમાણુ મુદ્દાઓના નિષ્ણાત પોલ કપૂરને દક્ષિણ અને મધ્ય એશિયા માટે સહાયક વિદેશ મંત્રી તરીકે નોમિનેટ કર્યા

# પરમાણુ મુદ્દાઓના નિષ્ણાત ભારતીય મૂળના પોલ કપૂરને ટ્રમ્પે સોંપી મોટી જવાબદારી!

। વોશિગ્ટન, તા.૧૩ ।

ભારતીય મૂળના પોલ કપૂરને ટ્રમ્પે મોટી જવાબદારી સોંપી છે. ડોનાલ્ડ ટ્રમ્પ વહીવટીતંત્રે ભારત-પ ાકિસ્તાન સુરક્ષા અને પરમાણુ મુદ્દાઓના નિષ્ણાત પોલ કપૂરને દક્ષિણ અને મધ્ય એશિયા માટે સહાયક વિદેશ મંત્રી તરીકે નોમિનેટ કર્યા છે. જો આવું થશે તો કપૂર દક્ષિણ એશિયા બ્યુરોનું નિરીક્ષણ કરનારા ભારતીય મૂળના બીજા અમેરિકન રાજદ્વારી બની જશે.પ્રેસ રિલીઝમાં કહેવામાં આવ્યું છે કે, 'કેલિફોર્નિયાના પોલ કપૂર દક્ષિણ એશિયાઈ બાબતો માટે સહાયક વિદેશ મંત્રી રહેશે. તેઓ ડોનાલ્ડ લુનું સ્થાન લેશે, જેમણે જો બાઈડેન શાસન દરમિયાન દક્ષિણ એશિયા બ્યુરોનું સંચાલન કર્યું હતું.'અમેરિકા-ભારત સંબંધોના સમર્થક અને પાકિસ્તાનના ટીકાકાર પોલ કપૂર ટ્રમ્પના પ્રથમ કાર્યકાળ દરમિયાન દક્ષિણ એશિયા પર અમેરિકન વિદેશ વિભાગની નીતિ આયોજન ટીમનો હિસ્સો હતા.દક્ષિણ એશિયાઈ રાજકારણ પર વિશેષતા ધરાવતા અનેક પુસ્તકો લખનારા પોલ હાલમાં યુએસ નેવલ પોસ્ટગ્રેજ્યુએટ સ્કૂલમાં પ્રોફેસર તરીકે કામ કરી રહ્યા છે. તેઓ સ્ટેનફોર્ડ યુનિવર્સિટી



ખાતે હૂવર ઈન્સ્ટિટ્યુશનમાં વિઝિટિંગ ફેલો પણ છે. કપૂર દ્વારા લખવામાં આવેલા પુસ્તકોમાં 'Jihad as Grand Strategy: Islamist Militancy, National Security and the Pakistani State' y™u 'Dangerous Deterrent: Nuclear Weapons Proliferation and Conflict in South Asia' સામેલ છે.ભારતીય-અમેરિકન પ ોલ યુએસ સંરક્ષણ વિભાગ માટે કન્સલ્ટન્સી અને એન્ગેજમેન્ટ પ્રોજેક્ટ્સ પણ મેનેજ કરે છે. તેઓ સંરક્ષણ સહયોગ પર યુએસ-ભારત ટ્રેક ૧.૫ વાટાઘાટોનો પણ હિસ્સો છે.અમેરિકન પ્રમુખે પ ોતાના વહીવટમાં ઘણા ભારતીય-અમેરિકનોને મહત્તવપૂર્ણ હોદ્દાઓ પર નિયુક્ત કર્યા છે, જેમાં એફબીઆઈ ડિરેક્ટર તરીકે કાશ પ ટેલ અને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (એઆઈ) પર વ્હાઈટ હાઉસ પ ોલિસી એડવાઈઝર તરીકે તરીકે શ્રીરામ કૃષ્ણનનો સામેલ છે. ભારતીય મૂળના પોલ કપૂરને ટ્રમ્પે મોટી જવાબદારી સોંપી છે. ડોનાલ્ડ ટ્રમ્પ વહીવટીતંત્રે ભારત-પાકિસ્તાન સુરક્ષા અને પરમાણુ મુદ્દાઓના નિષ્ણાત પોલ કપૂરને દક્ષિણ અને મધ્ય એશિયા માટે સહાયક વિદેશ મંત્રી તરીકે નોમિનેટ કર્યા છે. જો આવું થશે તો કપૂર દક્ષિણ એશિયા બ્યુરોનું નિરીક્ષણ કરનારા ભારતીય મૂળના બીજા અમેરિકન રાજદ્વારી બની જશે.

## પીપળી ફેદરા હાઇવે પર બંધ ટ્રક પાછળ બુલેટ ઘૂસી જતા દંપતિનું મોત

। ધંધુકા, તા.૧૩ ।

બુલેટ મોટર સાઈકલ લઈને ધંધૂકાના અરણેજ ગામે આવેલા બુટભવાની મંદિરે દર્શન કરવા જઈ રહેલાં સિહોરના વરલ ગામના દંપતિનું બુલેટ પીપળી ફેદરા હાઈવે રોડ પર બંધ પડેલા ટ્રક પાછળ ઘૂસી જતા બન્નેનું કમકમાટીભર્યુ મોત નિપજ્યું હતું.બનાવની વિગત એવી છે કે, સિહોરના વરલ ગામે રહેતા નરેશભાઈ જીવાભાઇ વાઘોશી (ઉ.વ.૨૮) અને તેમના પત્ની સેજલબેન નરેશભાઈ વાઘોશી (ઉ.વ ૨૪) બુલેટ નંબર જીજે-૦૪-ઈએફ-૯૫૦૮ લઈને ધંધૂકાના અરણેજ ગામે આવેલા બુટ ભવાની માતાજીના મંદિરે દર્શન કરવા માટે જતા હતા. તે દરમિયાન પીપળી ફેદરા હાઈવે રોડ પર બંધ પડેલા ટ્રક નંબર જીજે-૦૩-વી-૮૬૯૦ પાછળ ઘૂસી જતા પતિ પત્નીને ગંભીર ઈજા થવા પામી હતી અને નરેશભાઈનું સ્થળ પરજ મોત નીપજ્યુ હતું. જ્યારે નરેશભાઈના પત્ની સેજલબેનને ગંભીર હાલતે હોસ્પિટલે લઈ જવાતા હતા ત્યારે સારાવર મળે તેપૂર્વે જ રસ્તામા જ તેમનું મોત નિપજ્યું હતું. આમ, પાર્ક કરેલા ટ્રક આડે ઈન્ડિકેટર કે કોઈ ભયસુચક સાઈન બોર્ડ નહીં મૂકવામાં આવતા અકસ્માત સર્જાયો હતો.

## બોટાદ રોડ પર કારે અડફેટે લેતાં રિક્ષાસવાર વૃદ્ધનું મોત

। ભાવનગર, તા.૧૩ ।

બોટાદ રોડ પર આવેલાં મેલડી માતાજીના મંદિર નજીક સર્જાયેલાં અકસ્માતમાં કારના ચાલકે રિક્ષાને અડફેટે લેતાં રિક્ષામાં સવાર કાનિયાડ ગામના વૃદ્ધનું મોત નિપજ્યું હતું. જયારે, બે મહિલાને ઈજા પહોંચી હતી. બનાવની વિગત એવી છે કે, બોટાદના કનીયાડ ગામે રહેતા ૭૦ વર્ષીય વિરમભાઈ ટપુભાઈ કાલિયા રિક્ષામાં બેસીને પોતાના ગામથી બોટાદ જતા હતા તેવામાં બોટાદ રોડ પર આવેલા મેલડી માતાના મંદિર પાસે બોટાદ તરફથી આવી રહેલી કાર નબર જીજે.૦૬. એએક્સ .૭૩૫૫ ના ચાલકે પોતાનું વાહન પુરઝડપે અને બેફિકરાઈથી ચલાવી રિક્ષા સાથે ધડાકાભેર અથડાવી હતી. જેના કારણએ રિક્ષામાં સવાર વૃદ્ધ અને અન્ય બે મહિલાને ઈજા પહોંચી હતી. તમામને સારવારાર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. જયાં સારવારમાં વૃદ્ધ વિરમભાઈનું મોત નિપજ્યું હતું. જયારે, અન્ય બે મહિલાની સ્થિતિ સ્થિર હોવાનું જાણવા મળેલ છે.

## રૂપાવટી ગામે યુવક પર હુમલાના કેગારિયાધાર

। ગારિયાધાર, તા.૧૩ ।

ગારિયાધાર તાલુકાના રૂપાવટી ગામે પોણા બે વર્ષ પૂર્વે એક યુવાન મસ્જિદમાંથી નમાજ પઢીને ઘરે જઈ રહ્યો હતો. ત્યારે બુલેટ લઈને આવેલા બે શખ્સે હુમલો કરી ઈજા પહોંચાડયાની ઘટનામાં ગારિયાધાર કોર્ટે બન્ને શખ્સને ૨૫ માસ કેદની સજા અને રોકડ રકમનો દંડ ફટકાર્યો છે.પ્રાપ્ત માહિતી અનુસાર ગારિયાધારના રૂપાવટી ગામે, ખોડિયા મંદિર પાસે રહેતા મુબારકભાઈ કાસમભાઈ પદરશી (ઉ.વ.૩૭) ગત તા.૧૦ જુન,૨૦૨૩ના રોજ સાંજના સમયે મસ્જિદેથી નમાજ પઢીને ઘર તરફ જઈ રહ્યા હતા. ત્યારે પાલડી રોડ, બાલમંદિર પાસે પહોંચતા તે જ ગામે રહેતો કુલદીપસિંહ વિક્રમસિંહ ગોહિલ અને યશપાલસિંહ નરેન્દ્રસિંહ ગોહિલ નામના શખ્સોએ બુલેટ લઈ આવી યુવાનને આંતરી યશપાલસિંહ ગોહિલ નામના શખ્સે પોતે સોલારમાં કોન્ટ્રાક્ટર તરીકે કામ કરતો હોવાનું જણાવી તું અમારા સોલારાના મજૂરોની મંજૂર, તેને લગતા પ્રશ્નો બાબતે કેમ રજૂઆતો કરે છે ? તેમ કહીં બોલાચાલી કરી બન્ને શખ્સે લોખંડના પાઈપ અને લાકડાની હોકી વડે બન્ને પગે આડેધડ માર મારી ફ્રેક્ચરની ઈજા પહોંચાડી હતી. જે બનાવ અંગે યુવાને ગારિયાધાર પોલીસમાં ફરિયાદ નોંધાવતા પોલીસે હુમલાખોર શખ્સોની ધરપકડ-કેસની તપાસ કરી કોર્ટમાં ચાર્જશીટ રજૂ કરી હતી.

### પગ નીચે રેલો આવે ત્યારે જ પાલિકા કડકાઈથી કામગીરી કરે છે

# સુરત પાલિકાએ શહેરમાં ડ્રેનેજના જાળીયા-મેન હોલને લગતી ૭૨ કામગીરી ફક્ત એક જ દિવસમાં કરી દીધી

**૫ ફેબ્રુઆરીના રોજ વરીયાવ-વરસાદી ગટરમાં બાળકના મોતની દુર્ઘટના બાદ હવે પાલિકા તંત્ર દ્વારા ડ્રેનેજને લગતી કામગીરી પર ભાર મૂકવામાં આવી રહ્યો છે । પાલિકાના વિવિધ પદાધિકારીઓએ નોંધ મુકી છતાં નક્કર કામગીરી કરવામાં આવી નથી**

। સુરત, તા.૧૩ ।

સુરતમાં તક્ષશિલા આગ દુર્ઘટના, વેસુ ટ્યુશન ક્લાસ દુર્ઘટના અને જીમ સ્પા આગની દુર્ઘટના બાદ પાલિકાએ ફાયરને લગતી કામગીરી કરી હતી પરંતુ આ કામગીરી હવે લગભગ બંધ થઈ ગઈ છે. તે હવે બંધ થઈ ગઈ છે. ૫ ફેબ્રુઆરીના રોજ વરીયાવ-વરસાદી ગટરમાં બાળકના મોતની દુર્ઘટના બાદ હવે પાલિકા તંત્ર દ્વારા ડ્રેનેજને લગતી કામગીરી પર ભાર મૂકવામાં આવી રહ્યો છે. પાલિકાના વિવિધ પદાધિકારીઓએ નોંધ મુકી છતાં નક્કર કામગીરી કરવામાં આવી નથી પરંતુ આ દુર્ઘટના બાદ પાલિકાએ એક જ દિવસમાં ડ્રેનેજને લગતી ૭૨ જેટલી કામગીરી કરી દીધી છે. તેથી પગ નીચે રેલો આવે ત્યારે જ પાલિકા કડકાઈથી કામગીરી કરે છે તેવું ચર્ચાઈ રહ્યું છે.



સુરતમાં તક્ષશિલા આગ દુર્ઘટના બાદ સુરત શહેરમાં હજારોની સંખ્યામાં શૈક્ષણિક સંકુલ અને ગેરકાયદે બનેલા ડોમ પર કામગીરી કરવામાં આવી હતી. ત્યારબાદ ટેક્સટાઈલ માર્કેટમાં આગ લાગતા ટેક્સટાઈલ માર્કેટ સામે ફાયર વિભાગની કામગીરી કરવામાં આવી હતી. થોડા સમય પહેલાં વેસુ વિસ્તારમાં સુડા ભવન પાસે એક ટ્યુશન ક્લાસમાં આગ લાગ્યા બાદ શહેર ભરના ટ્યુશન ક્લાસીસ પર કામગીરી કરવામાં આવી હતી. ત્યારબાદ અઠવા ઝોનમાં શિવપુજા બિલ્ડીંગમાં જીમ અને સ્પામાં આગ લાગ્યા બાદ જીમ સ્પામાં કામગીરી કરવામાં આવી હતી. જોકે, થોડા સમય બાદ પાલિકા અને પોલીસ બન્નેની કામગીરી બંધ જેવી થઈ ગઈ છે અને મોટા ભાગના કિસ્સામાં કોઈની સામે આકરા પગલાં પણ ભરાતા નથી. ગત ૫ ફેબ્રુઆરીના રોજ વરીયાવ- અમરોલી રોડ પર પાલિકાની સ્ટ્રોમ ડ્રેઈનના ઢાંકણીમાં બે વર્ષના બાળકનું પડી જતાં મોત થયું હતું. આ મુદ્દે પાલિકાની કામગીરી સામે પસ્તાળ પડી રહી છે ત્યારે પાલિકાએ પણ રાંદેર ઝોનના ચાર અધિકારીઓને શો કોઝ નોટિસ આપી દીધી છે અને બીજી તરફ પોલીસ પણ કામગીરી કરી રહી છે. લોકોનો ભારે રોષ જોતાં પાલિકાના પદાધિકારીઓ અને અધિકારીઓ દ્વારા હવે શહેરમાં ડ્રેનેજની સમસ્યાના નિકાલ માટે પ્રેશર કરવામા આવી રહ્યું છે.



મંદિરમાં ૧૮૮૭ થી દર વર્ષે સાકરવર્ષા કરાય છે

# સંતરામ મંદિરમાં ૫૦૦ કિલો ટોપરું અને 3 હજાર કિલો સાકરની ઉછામણી કરાઈ

**નડિયાદના સંતરામ મંદિરમાં યોગીરાજ અવધૂત સંતરામ મહારાજના ૧૯૪મા સમાધિ મહોત્સવ અને માઘી પૂનમની દિવ્ય ઉજવણી કરવામાં આવી હતી**

। નડિયાદ, તા.૧૩ ।

નડિયાદના સંતરામ મંદિરમાં યોગીરાજ અવધૂત સંતરામ મહારાજના ૧૯૪મા સમાધિ મહોત્સવ અને માઘી પૂનમની દિવ્ય ઉજવણી કરવામાં આવી હતી. મંદિરમાં દિવ્ય જ્યોત સામે નતમસ્તક થવા મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ મંદિર પરિસરમાં ઉમટી પડયા હતા. પરંપરાગત રીતે ઓમ નાદ કર્યા બાદ સાકરવર્ષા કરવામાં આવી હતી. સંતોની ઉપસ્થિતિમાં સાંજે ૬.૫૦ કલાકથી સતત ૨૦ મિનિટ સુધી ૩,૦૦૦ કિલો સાકર અને ૫૦૦ કિલો ટોપરાંની ઉછામણી કરાઈ હતી. જેને ભક્તોએ જય મહારાજના નાદ સાથે પ્રસાદીરૂપી ઝીલી હતી.સંતરામ મંદિરમાં મહાસુદ પૂનમે બપોરથી જ શ્રધ્ધાળુઓની ભીડ જામતી જોવા મળી હતી. તાપમાં પણ લોકો 'જય મહારાજ'ની ધૂન કરી, દિવ્ય અખંડ જ્યોત સમક્ષ નતમસ્તક થતાં જોવા મળ્યા હતા. સાકરવર્ષાનો



સમય સાંજે હતો. જેમ જેમ આ સમય નજીક આવતા તેમ તેમ ખાલી દેખાતાં મંદિર પરિસરમાં શ્રધ્ધાળુઓની ભીડ જામવા લાગી હતી અને સમી સાંજે મંદિર પરિસરમાં ઉભા રહેવાની પણ જગ્યા ન હતી. ૬.૪૮ કલાકે વર્ષમાં એકજવાર થતી આરતીના દર્શનનો લ્હાવો ભક્તોએ લીધો હતો. 'બોલો જય જય જય મહારાજ, સંત ગુરૂજીની આરતી...'ના શબ્દે શબ્દે શ્રધ્ધાળુઓ સંતરામમય થતાં જોવા મળ્યા હતા. ૯ મહંતોના જયનાદ બાદ ત્રણ વાર ઓમનું ઉચ્ચારણ કરી, એક મિનિટના મૌન બાદ સંતરામ મહારાજના ચરણે ભક્તિ અને કૃતજ્ઞાતા વ્યક્ત કરવામાં આવી હતી. બાદમાં ફરીવાર ત્રણ વખત ઓમનાદ કરીને સાકરની ઉછામણી કરવામાં આવી હતી. સાકરના પ્રસાદની એક એક કણ મેળવવા માટે ભક્તોએ પડાપડી કરી હતી. મંદિર પરિસરમાં ઠેર ઠેર બનાવેલા નાના સ્ટેજ પરથી સ્વયંમ સેવકો દ્વારા ઉછામણી કરાયેલી સાકરને ભક્તો પ્રસાદીરૂપે ઝીલતા જોવા મળ્યા હતા.

### ભાજપના મેન્ડેટવાળા સભ્યો સામે ફોર્મ ભરનારાની ઉમેદવારી ચૂંટણીપંચ દ્વારા રદ કરાઈ

# બાલાસિનોર પાલિકામાં ઉમેદવારી રદ થયેલા ચાર કાર્યકરો ભાજપમાંથી પણ સસ્પેન્ડ કરાયા

**લુણાવાડાના ૪ અને સંતરામપુરના ૧૩ કાર્યકરો સહિત ૨૧ લોકોને તેમના સભ્ય પદેથી ભાજપે સસ્પેન્ડ કર્યા**

। બાલાસિનોર, તા.૧૩ ।

બાલાસિનોર પાલિકાની ચૂંટણી માટે વોર્ડ નં.-૪માં એનસીપીના બોગસ મેન્ડેટ પર ભાજપના મેન્ડેટવાળા સભ્યો સામે ફોર્મ ભરનારાની ઉમેદવારી ચૂંટણીપંચ દ્વારા રદ કરાઈ હતી. આ ચારેય કાર્યકરોને ભાજપે હવે સસ્પેન્ડ કરી દીધા છે. લુણાવાડાના ૪ અને સંતરામપુરના ૧૩ કાર્યકરો સહિત ૨૧ લોકોને તેમના સભ્ય પદેથી ભાજપે સસ્પેન્ડ કર્યા છે.મહીસાગર જિલ્લા ભાજપ પ્રમુખ દ્વારા આજરોજ બાલાસિનોર નગરપાલિકા સહિત મહીસાગર જિલ્લાની લુણાવાડા અને સંતરામપુર નગરપાલિકામાં ભાજપના કાર્યકર અન્ય પક્ષ કે અપક્ષની અંદર ઉમેદવારી કરી હોય તેવા ૨૧ લોકોને સસ્પેન્ડ કરી નાખતા રાજકીય હડકંપ મચી ગયો છે. ત્યારે બાલાસિનોર નગરપાલિકાના વોર્ડ નંબર-૪માં મૂળ ભાજપના કાર્યકર શિવાની પટેલ, જિજ્ઞેશ મહેરા, જયંતીભાઈ પટેલ અને જ્યોતિકાબેન



અધ્વર્યુએ ભાજપ પક્ષ સામે એનસીપીના મેન્ડેટથી ઉમેદવારી કરી ચૂંટણી લડવા ફોર્મ ભર્યા હતા. પરંતુ, એનસીપી દ્વારા બોગસ મેન્ડેટથી ચૂંટણી લડતા હોવાનું જણાઈ આવતા ચારેયની ઉમેદવારી રદ થઈ હતી. ત્યારે હવે ભાજપ પક્ષે પણ આ ચારેય કાર્યકરોને સસ્પેન્ડ કરી પક્ષમાંથી હાંકી કાઢ્યા છે. જેથી ચારેય કાર્યકરોની હાલ ન ઘરના કે ન ઘાટના જેવી થઈ છે. લુણાવાડામાં ૪ અને સંતરામપુરમાં ૧૩ સહિત કુલ ૨૧ કાર્યકરોને ભાજપે પ્રાથમિક સભ્ય પદેથી સસ્પેન્ડ કરી નાખ્યા છે. બાલાસિનોર પાલિકાની ચૂંટણી માટે વોર્ડ નં.-૪માં એનસીપીના બોગસ મેન્ડેટ પર ભાજપના મેન્ડેટવાળા સભ્યો સામે ફોર્મ ભરનારાની ઉમેદવારી ચૂંટણીપંચ દ્વારા રદ કરાઈ હતી. આ ચારેય કાર્યકરોને ભાજપે હવે સસ્પેન્ડ કરી દીધા છે. મહીસાગર જિલ્લાની લુણાવાડા અને સંતરામપુર નગરપાલિકામાં ભાજપના કાર્યકર અન્ય પક્ષ કે અપક્ષની અંદર ઉમેદવારી કરી હોય તેવા ૨૧ લોકોને સસ્પેન્ડ કરી નાખતા રાજકીય હડકંપ મચી ગયો છે.

## ટ્રકે ટલ્લો મારતાં બાઈકસવાર દંપતિ ખંડીત : પતિની નજર સામે પત્નીનું મોત

। મહુવા, તા.૧૩ ।

મહુવા-સાવરકુંડલા હાઈ-વે પર તાવેડાના પાટિયા નજીક ટ્રક અને બાઈક વચ્ચે સર્જાયેલા અકસ્માતમાં બાઈકચાલક પતિની નજર સામે પત્નીનું મોત નિપજ્યું હતું. જ્યારે બાઈક ચાલક પતિને ગંભીર ઈજા પહોંચી હતી. રાજુલાના નાની ખેરાળી ગામેથી દવાખાનાના કામ અર્થે દંપતિ મહુવા આવી રહ્યું હતું ત્યારે તાવેડાના પાટિયા પાસે તેમને અકસ્માત નડયો હતો. બનાવ સંદર્ભે મહુવા ગ્રામ્ય પોલીસે ફરિયાદ નોંધવાની તજવીજ હાથ ધરી છે.બનાવ અંગે જાણવા મળતી વિગતો પ્રમાણે મહુવા-સાવરકુંડલા હાઈ-વે પર તાવેડા ગામના પાટીયા નજીક આજે બપોરના સુમારે રાજુલાના નાની ખેરાળી ગામના વતની જશુભાઈ પીઠાભાઈ બલદાણીયા અને તેમના પત્ની રેખાબેન બલદાણીયા હોસ્પિટલના કામ અર્થે મહુવા આવી રહ્યા હતા તે દરમિયાન સાવરકુંડલા હાઈ-વે પર તાવેડા ગામના પાટીયા નજીક પહોંચતા પાછળથી આવી રહેલા ટ્રક ચાલકે તેમની બાઈકને ટલો મારી અકસ્માત સર્જાતા બાઈક સવાર રેખાબેન બલદાણીયાનું ઘટના સ્થળે જ મોત નીપજ્યું હતું.

### બસમાં લગભગ ૪૪ જેટલાં લોકો મુસાફરી કરી રહ્યા હતા

# મહાકુંભથી અમદાવાદ આવતી બસ રાજસ્થાનમાં પલટી । એક બાળકનો હાથ કપાયો । ૨૨ ઈજાગ્રસ્ત

। અમદાવાદ, તા.૧૩ ।

મહાકુંભ ૨૦૨૫માં આ વખતે અનેક દુર્ઘટનાઓ થઇ ત્યારે મહાકુંભ આવતી કે જતી વખતે અનેક અકસ્માત સર્જાયાના પણ અહેવાલ સામે આવ્યા છે. આ દરમિયાન રાજસ્થાનના રાજસમંદમાં ગુજરાતના શ્રદ્ધાળુઓથી ખીચોખીચ બસ પલટી ગયાની માહિતી સામે આવી છે. આ બસ અકસ્માતમાં એક બાળકનો હાથ કપાઈ ગયાની માહિતી મળી રહી છે જ્યારે અન્ય ૨૨ જેટલાં લોકો ઈજાગ્રસ્ત થયા હતા જેમને તાત્કાલિક ધોરણે નજીકની હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા. આ બસમાં લગભગ ૪૪ જેટલાં લોકો મુસાફરી કરી રહ્યા હતા જેઓ અમદાવાદના રહેવાશી હોવાની જાણકારી છે. આ અકસ્માત બુધવારે રાતે ૧૨:૧૫ વાગ્યે સર્જાયો હોવાની જાણકારી છે. આ મામલે ચારભુજા પોલીસ સ્ટેશનના સબ ઈન્સ્પેક્ટર પ્રીતિ રત્નુએ કહ્યું કે દેસુરી કી નાલ વિસ્તારમાં આવેલી ઘાટીમાં આ અકસ્માત સર્જાયો હતો.

# સુરત શહેરના નગરપાલિકાના ટેકનિકલ કર્મચારીઓ રેલી કાઢી

**બે વર્ષના બાળકના મૃત્યુ બાદ પોલીસ દ્વારા પાલિકાના અધિકારી-કર્મચારીઓ સામે સાપરાધ માનવવધનો ગુનો દાખલ કરવામાં આવ્યો**

। વડોદરા, તા.૧૩ ।

૫ ફેબ્રુઆરીના રોજ અમરોલી-વરીયાવ રોડ પર બુધવારી બજાર નજીક જાહેર રોડ પર ખુલ્લી ડ્રેનેજમાં બે વર્ષના બાળકના મૃત્યુ બાદ પોલીસ દ્વારા પાલિકાના અધિકારી-કર્મચારીઓ સામે સાપરાધ માનવવધનો ગુનો દાખલ કરવામાં આવ્યો છે. કોઈ પણ તપાસ વિના આ પ્રકારે ગુનો નોંધાતા ગઈકાલે પાલિકા કચેરી ખાતે પાલિકાના ટેકનિકલ કર્મચારી મંડળ દ્વારા વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું હતું.




ત્યાર બાદ હવે પાલિકાના વિવિધ યુનિયનો દ્વારા પોલીસ કમિશનરને આ મુદ્દે રજૂઆત કરવા માટે રેલી કાઢવા માટેની મંજુરીનો પત્ર લખવામાં આવ્યો છે. જો પોલીસ કમિશ્નર દ્વારા મંજૂરી આપવામાં આવે તો આગામી દિવસોમાં લાંબા સમય બાદ એક જૂથ થયેલ પાલિકાના ટેકનિકલ કર્મચારીઓ રેલી રૂપે પોલીસ કમિશનર કચેરી જશે. સુરતના વરીયાવ રોડ પર બુધવારી બજાર બહાર રોડની મધ્યમાં વરસાદી ગટરના ખુલ્લા ઢાંકણામાં બે વર્ષના કેદાર વેગડનું પડી જતાં મોત થયું હતું. પાલિકાની વરસાદી ગટરમાં તબેલા અને ગેરકાયદે ગટરના જોડાણ હોવાથી કેદારનો મૃતદેહ ૨૪ કલાક બાદ મળ્યો હતો. આ મુદ્દે ભારે હોબાળો થયો હતો અને સ્થળ પર ધરણા પ્રદર્શન કરીને સાપરાધ માનવ વધનો ગુનો દાખલ કરવા માટે માંગણી થઈ હતી. ત્યાર બાદ પોલીસે સાપરાધ માનવ વધનો ગુનો દાખલ કરી દીધો હતો. આ મુદ્દે સુરત પાલિકાના ટેકનિકલ વિભાગના કર્મચારીઓ દ્વારા ગઈકાલે પાલિકા કચેરી ખાતે હલ્લાબોલ કર્યું હતું.






# વડોદરા પાલિકા-દબાણ શાખાની ટીમ સવારથી એક્શનમાં । મંગળ બજાર, લહેરીપુરા, માંડવી, યાકુતપુરા, ફતેપુરાના દબાણોનો સફાયો

**દુકાનોના લટકણીયા લારી ગલ્લા પથારા હટાવીને દબાણની ટીમે બે ટ્રક જેટલો માલ સામાન કબજે કર્યો**

। દાહોદ, તા.૧૩ ।

વડોદરા પાલિકા-દબાણ શાખાની ટીમ સવારથી એક્શનમાં : મંગળ બજાર, લહેરીપુરા, માંડવી, યાકુતપુરા, ફતેપુરાના દબાણોનો સફાયોવડોદરા શહેરમાં ગેરકાયદે દબાણો માથાના દુખાવા રૂપ બન્યા છે. તંત્ર દ્વારા આ અંગે કોઈ ચોક્કસ નીતિ જાહેર થતી નથી. ગેરકાયદે દબાણો દૂર થયાની ગણતરીની મિનિટોમાં જ ટીમ જતાંની સાથે જ ફરીવાર યથા સ્થાને દબાણો જેમના તેમ થઈ જાય છે. ત્યારે પાલિકાની દબાણ શાખાની ટીમે આજે સવારથી જ મંગળ બજારના દબાણ ઉપર સપાટો બોલાવ્યો છે. દુકાનોના લટકણીયા લારી ગલ્લા પથારા હટાવીને દબાણની ટીમે બે ટ્રક જેટલો માલ સામાન કબજે કર્યો છે. જ્યાંથી લહેરીપુરા, માંડવી, સંવેદનશીલ ફતેપુરા ચાંપાનેર દરવાજા સહિત આસપાસના વિસ્તારના રોડ રસ્તાની બંને બાજુના લારી ગલ્લા પથારા સહિત કાચા બનાવવામાં આવેલા શેડ સહિત રોડ રસ્તા પરના મોટર ગેરેજ તથા અન્ય ગેરકાયદે દબાણ ઉપર દબાણ શાખાની ટીમે સપાટો બોલાવ્યો હતો. પાલિકાની આ કાર્યવાહી દરમિયાન સંવેદનશીલ ફતેપુરા વિસ્તારમાં ઠેક ઠેકાણે ટોળા ઉમટી પડતા બંદોબસ્ત તૈનાત પોલીસ કાફલાએ ટોળાને વિખેરી ટ્રાફિક ખુલ્લો કરાવ્યો હતો. ઉલ્લેખનીય છે કે શહેરના ચાર દરવાજા વિસ્તારમાં રોડ રસ્તાના અને ફૂટપાથ પરના બંને બાજુના ગેરકાયદે દબાણોના કારણે ફૂટપાથ પર ચાલવાની જગ્યાએ રહેતી નથી અને દબાણોના કારણે રોડ રસ્તા સાંકડા થઈ જતા હોય છે જેથી યાકુતપુરા ચાંપાનેર, માંડવી લહેરીપુરા, મંગળ બજાર વિસ્તારમાં લોકોને ચાલવાની જગ્યા મળતી નથી આ ઉપરાંત મંગળ બજારમાં પોણા ભાગના બંને બાજુના રસ્તા દુકાનદારો લટકણીયા લટકાવીને રોકી લેતા હોય છે. આવી ફરિયાદો વારંવાર મળતી હોવાના કારણે આજે દબાણ શાખાની ટીમ મંગળ બજારથી લહેરીપુરા માંડવી, ચાંપાનેર સહિતના વિવિધ વિસ્તારમાં થયેલા ઠેર ઠેર ગેરકાયદે દબાણો પર ત્રાટકી હતી.







**Printer, Publisher & Owner :** Avesh K. Malaviya, **Printed** at Bhoomi Offset, Bhatiyavadi, Opp. Railway Station, Kalupur, Ahmedabad 380002 and **Published** From G-1301, Sardar Patel Nagar, Shastrinagar Char Rasta, Near Anmol Tower, Naranpura, Ahmedabad-380013. **Mob.**98252 52125 **Email :** lokpatrikadaily@gmail.com **website :** www.lokpatrika.in **Editor :** Avesh K. Malaviya